MONDAY
૧૫-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૦૪
અંક : ૧૧૧
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ભારતનું ન્યાયતંત્ર લોકો માટે ભારરૂપ હોવાનું તેમજ સામાન્ય લોકો માટે ન્યાય સુલભ ન હોવાનો જસ્ટીસ ગોગોઈનો મત

# ભારતની ન્યાય વ્યવસ્થા જૂની અને ભારરૂપ : જસ્ટીસ ગોગોઈ

**મજબૂત ન્યાય વ્યવસ્થા વગર વિદેશ રોકાણ નહીં, ભારતમાં કોર્ટના દાદરા ચઢ્યા પછી લોકોને પસ્તાવો થવા લાગે છે**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતના ન્યાયતંત્ર ઉપર અવાર નવાર લોકો દ્વારા આરોપ પ્રત્યારોપ લગાવવામાં આવે છે. ભારતના ન્યાયતંત્રમાં લાખો કેસનો ભરાવો થઈ ચૂક્યો છે અને ન્યાય વ્યવસ્થા અંગ્રેજોના જમાનાની ઘરેડમાંથી બહાર નિકળતી નથી. જેના કારણે લોકો માટે ન્યાયીક પ્રક્રિયાનો સામનો કરવો એ માથાના દુઃખાવા સમાન બની રહેલ છે. ન્યાય વ્યવસ્થામાં આરોપી કરતા પણ વધુ ભાર ફરિયાદીના માથા પર જોવા મળે છે.

દેશની ન્યાય વ્યવસ્થા પર વારંવાર આંગળી ઉઠાવવામાં આવી છે, ન્યાય મેળવવા માટે વારંવાર કોર્ટના દાદરા ચઢવા પડતા હોય છે. દેશના પૂર્વ ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ પણ આ વાત પર મોહર મારી છે, તેમણે કહ્યું કે છે આપણી ન્યાય વ્યવસ્થા ઘણી ભારરુપ છે






અને જૂની છે, જેના કારણે સમય પર ન્યાય આપવામાં સફળતા મળતી નથી.

ç્જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે લોકોને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને વિવિધ આરોપ લગાવવામાં આવે છે, શું તેમની સામે તેઓ કેસ દાખલ કરશે, જેના જવાબમાં જસ્ટિસ ગોગોઈએ કહ્યું, "જો તમે કોર્ટ જાવ તો એ જ થશે કે આ બાબતો પર કોર્ટમાં પણ મુદ્દો બનશે, નહીં કે ન્યાય મળશે." ગોગોઈએ આ મુદ્દા પર આગળ કહ્યું કે, "મને એવું કહેવામાં કોઈ ખચકાટ નથી કે કોર્ટ કોણ જાય છે. તમે કોર્ટમાં જશો તો પસ્તાવો થશે. તમે કોર્પોરેટ વર્લ્ડથી છો તો એક તક શોધવા માટે કોર્ટ જાવ છો. જો જીતી ગયા તો કરોડો રુપિયા આવી જશે..

જસ્ટિસ ગોગોઈએ કહ્યું, "અમે પ ાંચ લાખ કરોડ ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવા માગીએ છીએ પરંતુ આપ ણી પાસે જર્જરીત ન્યાય વ્યવસ્થા છે.. ૨૦૨૦માં જ્યારે ન્યાય વ્યવસ્થા સહિત દરેક સંગઠનનું કામકાજ બિલકુલ મંગ પડી ગયું તો નીચલી કોર્ટમાં ૬૦ લાખ જ્યારે અલગ-અલગ કોર્ટ્સમાં લગભગ ૩ લાખ જ્યારે સુપ્રિમ કોર્ટમાં લગભગ ૬થી૭ હજાર નવા કેસ આવી ગયા. સમય આવી ગયો છે કે આપણે એક રોડમેપ બનાવીએ. ન્યાયપાલિકા પ્રભાવી રીતે કામ કરે, તેના માટે જે જરુરી છે તે થઈ નથી રહ્યું.

રાજ્યસભા સાંસદે નવી વિકસિત થઈ રહેલી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આજના તાકતવાળા અને બૂમો પાડનારા લોકો જજો સહિત અન્યની છબી ખરાબ કરવામાં જોડાયેલા છે. તેમણે કહ્યું કે દુર્ભાગ્યથી કેટલા જજ નિશાન બન્યા બાદ તૂટી જાય છે. તેમણે ખેડૂત આંદોલન અને નાગરિકતા સુધારા કાયદા (ઝછછ)ના વિરોધ આંદોલન પર સવાલોના જવાબમાં તેમણે કહ્યું કે, કેટલાક રાજ્યકીય કાયદાકીય સમાધાન કરવા પડશે અને કોર્ટે પણ આ મુદ્દાને જોવો પડશે.

## ચૂંટણી નજીક આવતા કાવતરૃ આવ્યુ સામે? જમ્મુમાંથી મળ્યો સાત કિલો વિસ્ફોટકનો જથ્થો

(જી.એન.એસ.)શ્રીનગર,તા.૧૪

પુલવામા હુમલાની બીજી વરસી પર જમ્મુ-કાશ્મીરમાં મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. જમ્મુ શહેરમાં બસ સ્ટેન્ડ નજીક ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે. જે બાદ હાલ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા જવાનોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

બીજી તરફ જમ્મુમાં આતંકવાદી ગતિવિધિની ઘટના બાદ સુરક્ષા એજન્સી પણ સતર્ક બની ગઈ છે. લશ્કર-એ-મુસ્તફાના આતંકવાદી મલિકની ધરપ કડ અને સાંબામાં સુરંગ અને હથિયારોનું



મળવું દર્શાવે છે કે, કાશ્મીરમાં પક્કડ ગુમાવી ચૂકેલા આતંકવાદી સંગઠનો હવે જમ્મુમાં ષડયંત્ર રચી રહ્યાં છે.

જણાવી દઈએ કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે જમ્મુ વિસ્તારનો સાંબા જિલ્લો ઘુસણખોરી અને હથિયારોને હેરાફેરી માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યો છે. ઈન્ટરનેશનલ સરહદ હાઈવેના નજીક હોવાથી આતંકવાદીઓ લાભ ઉઠાવી રહ્યાં છે. જો કે આર્ટીકલ ૩૭૦ હટ્યા બાદ સેના અને પોલીસની સતર્કતાથી આતંકવાદીઓને નિષ્ફળતા સાંપડી રહી છે. સાંબા જિલ્લામાં હજુ પણ અનેક ઓવર ગ્રાઉન્ડ વર્કર કામ કરી રહ્યાં છે, જે પોલીસની પ કડથી દૂર છે.

અગાઉ હીરાનગરના રસાનામાં ડ્રોનથી હથિયાર ઉતારવામાં આવ્યા હતા. આ હથિયાર ઉઠાવનારાને પોલીસે ઝડપી પાડ્યો હતો.

## આંદોલનકારીઓને વીજળી આપો નહીંતર અમારે જનરેટર લાવવા પડશે : રાકેશ ટીકૈત

**ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન યથાવત રહેશે**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતીય કિશાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યું કે સરકાર અમને વીજળીનું કનેક્શન આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશે.

ખેડૂત આંદોલન છે અને ચાલતુ રહેશે. ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન ચાલતુ રહેશે. ઉનાળામા બોર્ડર પર જનરેટર લગાડવામાં આવશે અને જે રીતે ગામોમાંથી પાણી આવ્યું તે રીતે ડીઝલ પણ આવશે. બોર્ડર પર ખેડૂતો એસી અને કૂલરમાં આરામ કરશે. આંદોલન સ્થળ જ અમારા ઘર છે.

સરકારે ખેડૂતોના માર્ગમાં જે ખીલ્લા ઠોક્યા છે તે ઉખેડી લેવામાં આવશે. અમે દિલ્હીના મહેમાન છીએ, આવીશું, જઈશું અને ખેતીનુ કામ પણ કરતા રહીશું. સરકાર વાતચીત કરશે તો અમારો મોરચો પણ વાતચીત કરશે.

કિશાન મોરચાના બીજા નેતા રવિન્દર સિંહે જણાવ્યું કે ૪૪ એફઆઈઆરના સંબંધમાં દિલ્હી પોલીસે ૧૨૨ ખેડૂતોની ધરપકડ કરી છે અને કિશાન મોરચો આ તમામ ખેડૂતોને કાનૂની સહાય પૂરી પાડશે.

## આંધ્રપ્રદેશમાં ૧૭ લોકો ભરેલી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત : ૧૪ના મોત, ચાર ઘાયલ

(જી.એન.એસ.)કુરનૂલ,તા.૧૪

આંધ્ર પ્રદેશના કુરનૂલ જિલ્લામાં એક યાત્રી બસ અને ટ્રક વચ્ચે ભિડંત થઈ. દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૪ લોકોને ઈજા પ હોંચી છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઈ ગયો હતો.



જાણકારી અનુસાર કુરનૂલના વેલદુર્તી મંડળના મદરપુર ગામ પાસે આજે સવારે રોડ અકસ્માત સર્જાયો. અકસ્માત બાદ જે દ્રશ્ય સામે આવ્યા તેના પરથી અંદાજો લગાવી શકાય કે અકસ્માત કેટલો ભયંકર હતો. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવાવવામાં આવ્યા છે. તમામ પીડિત ચિતુર જિલ્લાના મદનપલ્લીના રહેવાસી હતી.

અકસ્માત એટલી ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઈ ગયો હતો. ટ્રક સાથે ટક્કર થતાં બસ પલટી ખાઈ ગઈ હતી. બસે વિપરીત દિશામાંથી રહેલા ટ્રકને ટક્કર મારી દીધી. તેમણે કહ્યું કે આ બસમાં ૧૭ લોકો સવાર હતા. ઘટનામાં બસ ડ્રાઈવર સહિત ૧૪ લોકોના મોત થઈ ગયા છે અને ૪ લોકો ઘાયલ થયા છે.




## ઔર યે મારી પેટ્રોલને સેન્ચ્યુરી મધ્યપ્રદેશમાં ૧૦૦રૂા./લી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૪

પેટ્રોલ ડિઝલના ભાવમાં ભડકો ચાલુ જ છે. આજે સતત સાતમા દિવસે પેટ્રોલ ડિઝલના ભાવમાં વધારો થવાના કારણે મધ્યપ્રદેશના ભોપાલમાં પ્રિમિયમ પેટ્રોલનો એક લિટરનો ભાવ ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યો હતો.

મોટાભાગના શહેરોમાં પેટ્રોલનો ભાવ ૯૦ રુપિયા ઉપર તો છે જ અને મેટ્રો સિટીમાં ૯૫ રુપિયા છે.જ્યારે સંખ્યાબંધ શહેરમાં તો પ્રીમિયમ પેટ્રોલ હવે ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યુ છે.

એકસ્ટ્રા પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ભોપાલમાં આજે ૯૯.૯૯ રુપિયા પ્રતિ લિટર પર પહોંચ્યો હતો.જ્યારે નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૬.૬૯ રુપિયા થયો હતો.

જોકે એક સમસ્યા એવી પણ ઉભી થઈ છે કે, પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ત્રણ આંકડામાં પહોંચ્યા બાદ ઘણા પેટ્રોલ પંપના મશિનો ત્રણ આંકડાની ફિગર બતાવી શકતા નથી.જેના કારણે વેચાણ રોકી દેવાની ફરજ પડી છે.

રાજસ્થાનના શ્રીગંગાનગરની વાત કરવામાં આવે તો અહીંયા વેટ સૌથી વધારે લાગુ પડતો હોવાથી નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૯.૨૯ રુપિયા થઈ ગયો છે જ્યારે ડિઝલનો ભાવ ૯૧.૨૭ રુપિયા પર પહોંચ્યો છે. જ્યારે પ્રીમિયમ પેટ્રોલ તો ૧૦૨ રુપિયા પ્રતિ લિટર પર પહોંચ્યુ છે. દરમિયાન સરકારે કહ્યુ છે કે, પ ેટ્રોલિયમ પ્રોડક્ટ પર ડ્યુટી ઘટાડવા માટે હાલમાં કોઈ વિચાર નથી.

## ઉત્તરાખંડ રેસ્ક્યૂ : સુરંગમાંથી વધુ ૧૨ શબ મળતા કુલ મૃત્યુઆંક ૫૦

(જી.એન.એસ.)ચમોલી,તા.૧૪

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગત ૭ ફેબ્રુઆરીના રોજ ગ્લેશિયર તૂટવાના કારણે આવેલા પૂરમાં મરનારા લોકોની સંખ્યા વધીને ૫૦ થઈ ગઈ છે. આ દુર્ઘટના બાદ રેસ્ક્યુ ઓપરેશન સતત ચાલી રહ્યું છે. રવિવારે સવારે રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન તપોવન સુરંગમાંથી વધુ ૧૨ શબ મળી આવ્યા હતા જેથી આ દુર્ઘટનામાં મરનારા કુલ લોકોનો આંકડો ૪૩એ પહોંચ્યો છે.

ચમોલીના જિલ્લાધિકારી સ્વાતિ એસ ભદૌરિયાએ શનિવારે એનટીપીસી ટનલમાં ૧૩૬ મીટર સુધી ખોદકામ થઈ ગયું હોવાની માહિતી આપી હતી. શુક્રવારે પણ એક મૃતદેહ હાથ લાગ્યો હતો. ગાયબ થયેલા ૨૦૪ લોકોમાંથી ૩૮ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા જ્યારે બે લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા અને હજુ પણ રાહતકાર્ય ચાલી રહ્યું છે.

રવિવારે સવારે વધુ ૫ મૃતદેહ હાથ લાગવા સાથે મૃતકઆંક ૪૩ થઈ ગયો છે અને ટનલમાંથી કાટમાળ, કીચડ ખસેડવાનું કામ હજુ પણ ચાલુ છે. હજુ પણ કેટલાક લોકો ટનલમાં ફસાયેલા હોવાની આશંકા સેવાઈ રહી છે. ગ્લેશિયર તૂટ્યા બાદ ચમોલીનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અનેક ગામો સાથેનો સંપર્ક કપાઈ ગયા બાદ આઈટીબીપીએ ત્યાં રાહત કેમ્પ્સ લગાવ્યા છે અને લોકોને જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

## સરકાર સાંભળી લે, આસામમાં સીએએ લાગુ નહીં થાય : રાહુલ

(જી.એન.એસ.)શિવસાગર,તા.૧૪

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આસામમાં આજથી વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર શરુ કરી દીધો છે. આજે રાહુલ ગાંધીએ એક રેલીને સંબોધન કરતા કહ્યુ હતુ કે, ઘૂસણખોરી મોટી સમસ્યા છે પણ આસામના લોકો તેનો ઉકેલ લાવવા માટે સક્ષમ છે. અમે બે અને અમારા બે વાળી મોદી સરકાર સાંભળી લે કે નાગરિકતાનો કાયદો ક્યારેય અમલમાં નહીં આવે. રાહુલ અને કોંગ્રેસના બાકીના નેતાઓ સ્ટેજ પર "NO CAA" લખેલો ખેસ પહેરેલ નજરે પડ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, અમે બે અને અમારા બે આસામને ચલાવી રહ્યા છે અને આસામને લૂંટી લેવા માંગે છે.

## વ્હાઈટ હાઉસ હિંસામાં ટ્રમ્પને ક્લિન ચીટ લોકોને ઉશ્કેરવાના આરોપમાંથી મુક્તિ

(જી.એન.એસ.)વૉશિંગ્ટન,તા.૧૪

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બીજી વખત મહાભિયોગની કાર્યવાહીમાંથી છૂટકારો મળ્યો છે. ૬ જાન્યુઆરીએ અમેરિકાની સંસદ કેપિટલ બિલ્ડિંગમાં થયેલા તોફાનોને લઈને ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરાઈ અને સેનેટમાં મતદાન થયું હતું. સેનેટમાં થયેલા મતદાનમાં ૫૭ સેનેટરોએ ટ્રમ્પને દોષી તેમજ ૪૩ સેનેટરોએ નિર્દોષ ગણાવતા મત આપ્યો હતો. સેનેટમાં ટ્રમ્પને દોષી ઠેરવવા માટે સેનેટરોની બે તૃતિયાંશ બહુમતિ નહીં મળતા ટ્રમ્પ નિર્દોષ ઠર્યા છે. અગાઉ પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ




ધરવામાં આવી હતી અને તેમાં તેમને મુક્તિ મળી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ નિર્ણયને આવકાર્યો હતો અને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી આ કાર્યવાહીને યુએસના ઈતિહાસમાં સૌથી ખરાબ વિચહન્ટનો બીજો તબક્કો હોવાનું ગણાવ્યું હતુ રાજકારણમાં પોતાનો દબદબો જાળવી રાખવા તેમજ હવે પછીની ચૂંટણીમાં ઝંપલાવવાનો ઈરાદો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેક અમેરિકા ગ્રેટ માટે દેશભક્ત અને સુંદર અભિયાન હવે શરૂ થયું છે. વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ ટ્રમ્પ ફ્લોરિડામાં પોતાના ક્લબમાં રહી રહ્યા છે.

ટ્રાયલ વખતે સેનેટના રિપબ્લિકન નેતા એમ મૈકકોનેલે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની સુનાવણીમાં તેમના પક્ષમાં મતદાન કરવાની જાહેરાત કરી હતી. કેસની સુનાવણી વખતે શનિવારે ગૃહમાં અંતિમ ચર્ચા પૂર્વે કેટલાક કલાકો માટે કાર્યવાહી ખોરવાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે સેનેટ સભ્ય કેસમાં સાક્ષીઓને બોલાવવા ઈચ્છતા હતા.

વોર્ડ નં.૫ના ઉમેદવારો કરશનભાઈ કરમુર, જેન્તીભાઈ સાવલિયા, કમળાબા મહેન્દ્રસિંહ ઝાલા, સોનલબેન મયુરભાઈ ઘેડિયાની લોકપ્રિયતા પાસા પલ્ટી નાખે તેવી

# આમઆદમી પાર્ટીના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ધમાકેદાર ઉદ્‌ઘાટન

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૪

વોર્ડ નં. ૫માં ભાજપમાંથી રાજીનામું આપી આમ આદમી પાર્ટીમાં કોર્પોરેશનની ચુંટણી લડી રહેલા આહિર સમાજના પ્રમુખ કરશનભાઈ કરમુર અને એમની પેનલ આ વોર્ડના પરિણામનું ચિત્ર બદલી નાખે એવી તાકાત એમના ચુંટણી કાર્યાલયના ઉદઘાટનમાં જોવા મળી છે અને જે મેદની ઉમટી પડી હતી તેના પરથી એવું લાગે છે કે આ વોર્ડમાં કરશનભાઈ કરમુરની લોકપ્રીયતા પરિણામના પાસા પલ્ટી નાખશે. જામનગર શહેરના વોર્ડ નં. ૫માં આમ આદમી પાર્ટીના મઘ્યસ્થ ચુંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન દિલ્હીના એમએલએના હસ્તે કરવામાં આવ્યુ હતું, મોટી સંખ્યામાં ઉમટી પડેલા લોકોએ ભારે હર્ષ ભેર ઉદઘાટન સમારોહને તાળીઓની ગુંજથી આવકાર્યુ હતું, આ કાર્યક્રમમાં દિલ્હીના એમએલએ અજય યાદવે કહયું હતું કે દેશમાં ભ્રષ્ટાચાર ખતમ કરવા માટે અરવિંદ કેજરીવાલની જરૂર છે, જામનગરને દિલ્હી જેવું શહેર બનાવવાની તમન્ના હોવાની મહેચ્છા દર્શાવી હતી, જયારે આ વોર્ડના લોકલાડીલા ઉમેદવાર કરશન કરમુર અને તેમની પેનલ દ્વારા પ્રજાજનોના દરેક પ્રશ્ર્નોના નિરાકરણ માટે હંમેશા તત્પર રહેવાની અને લોકોની તમામ પ્રકારની રજુઆતોને પ્રાધાન્ય આપવાની ખાતરી આપી કહયું હતું કે સ્થાનીક રહેવાસીઓ અમારા માટે ભગવાન સમાન છે, આપની પેનલને જંગી બહુમતીથી વિજેતા બનાવવા દરેક સમાજના લોકોને અનુરોધ કર્યો હતો.

જામનગર શહેરના સૌથી મોટા વિસ્તાર ધરાવતા વોર્ડ નં. ૫માં દરેક સમાજના લોકો વસવાટ કરી રહયા છે, વિકસીત આ વોર્ડમાં તમામ પ્રકારના વિકાસ કામોને કોર્પોરેટર કરશન કરમુર દ્વારા હંમેશા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, દરમ્યાન ભાજપમાંથી આવા નિષ્ઠાવાન કોર્પોરેટરને અન્યાય થતા તેઓએ આમ આદમી પાર્ટીમાં જોડાઈને તેમની પેનલ સાથે ચુંટણીનો જંગમાં ઝંપલાવ્યુ હતું, વોર્ડ નં. ૫માં તેઓના મધ્યસ્થ ચુંટણી કાર્યાલયનું જંગી માનવ મેદનીની ઉપસ્થીતી વચ્ચે હર્ષભેર ઉદઘાટન કરવામાં આવ્યુ હતું. કાર્યાલયના ઉદઘાટન બાદ યોજવામાં આવેલી જાહેર સભામાં દિલ્હીથી પધારેલા એમએલએ અજેશ યાદવે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, દેશમાં ભ્રષ્ટાચાર નાબુદ કરવા માટે અરવિંદ કેજરીવાલ જેવા લોકોની જરૂર છે, સાથો સાથ ઉમેર્યુ હતું કે જામનગરને પણ દિલ્હી જેવું શહેર બનાવ્યું છે. જામનગરના લોકોની કરશનભાઈ કરમુર પ્રત્યેની આદર ભાવનાને ઘ્યાને



લઈ આ ચુંટણી જંગમાં કરશનભાઈ કરમુર અને તેમની પેનલને જંગી બહુમતીથી વિજેતા કરવાની અપીલ કરી હતી. આપના પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલે તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે જેમ દિલ્હીમાં આપની સરકારે વિજળી બીલ, પાણી, મહિલાઓ માટે પરિવહન ફ્રી સહિતની આપવામાં આવેલી સુવિધાની જેમ જ જામનગરમાં પણ મહિલાઓ માટે અને સ્થાનીક રહેવાસીઓ માટે મોંઘવારીના આ સમયમાં ટુંકા પગારમાં પરિવારનું ગુજરાન ચલાવવાનું શકય બને તેવા ઉમદા આશય સાથે આમ આદમી પાર્ટીના નિષ્ઠાવાન ઉમેદવાર કરશનભાઈકરમુર અને તેમની પેનલને જંગી લીડથી વિજેતા અપાવવાનો અનુરોધ કર્યો હતો.

આ જાહેરસભામાં આપના વોર્ડ નં. ૫ના કર્મનીષ્ઠ ઉમેદવાર કરશનભાઈ કરમુરે મોટી સંખ્યામાં ઉપસ્થીત લોકોને સંબોધવાની શરૂઆત કરતા જ ઉપસ્થીત લોકોએ તાળીઓના ગડગડાટથી તેમને હર્ષભેર વધાવી લીધા હતા, કરશનભાઈએ કહયું હતું કે મારા માટે મારી જનતા જ ભગવાન સમાન છે, હું દરેક પ્રજાજનોને વંદનીય ગણું છું અને પ્રજાજનોના દરેક પ્રશ્ર્નોમાં કોઈપણ સમયે ઉપસ્થીત રહેવાની પ્રણાલી આજે પણ યથાવત રાખવામાં આવી છે. કરશનભાઈ કરમુરે વધુમાં ઉમેર્યુ હતું કે, વોર્ડ નં. ૫માં આ વિસ્તારના લોકોનું ભાજપ દ્વારા અપમાન કરવામાં આવ્યું છે અને ભાજપે આ સમગ્ર વિસ્તારમાંથી કોઈની ટીકીટની ફાળવણી કરી નહીં હોવાથી દરેક સમાજના લોકોને અન્યાય કર્યો છે, જેથી પોતે આમ આદમી પાર્ટીની પસંદગી કરી છે અને આ એવી પાર્ટી છે કે જે હાલમાં ગુજરાતમાં ભારે લીડ કરી રહી છે, જામનગરમાં આમ આદમી પાર્ટીના ૫૦ જેટલા ઉમેદવારો આ ચુંટણી જંગના મેદાનમાં ઉતર્યા છે, જામનગરને પુનરાવર્તન નહીં પરંતુ પરિવર્તનની જરૂર હોવાથી દરેક સમાજના લોકોને પુરતો ન્યાય મળી રહે તે માટે આ જંગમાં ઝંપલાવ્યું છે.

વધુમાં તેઓએ કહયુ હતું કે વોર્ડ નં. ૫ મારો પરિવાર છે, જેથી આ જ રીતે નિષ્ઠા અને પ્રમાણીકતાથી અવિરત મારી કામગીરી યથાવત રાખીશ અને દરેક સમાજના લોકોને દરેક પ્રકારની સમસ્યામાં હંમેશા સાથ અને સહકાર આપતો રહીશ, આ ઉપરાંત તેઓએ કહયુ હતું કે સમગ્ર વોર્ડમાં સપ્તાહના દરેક દિવસોમાં જાત મુલાકાત લઈ લોકોના પ્રશ્ર્નોનું નિરાકરણ લાવવાની પ્રણાલી હંમેશા કાર્યરત રાખીશ અને પ્રજાના કોઈપણ પ્રશ્ર્નો ગમે તેવા સમયે ઉપસ્થીત થાય ત્યારે તેઓ તથા તેઓની ટીમ હંમેશા ખડેપગે તૈયાર રહેશે તેવી ખાતરી દર્શાવી હતી. આ જાહેરસભામાં સંખ્યાબંધ હોદેદારો અને કાર્યકરોએ કરશનભાઈ કરમુરનું ઉષ્માભર્યુ સન્માન કર્યુ હતું, તેમજ ભાવિશાબેન સહિત ૫૦ જેટલા કાર્યકરો આપમાં જોડાતા આ તમામ કાર્યકર્તાઓને કરશનભાઈ કરમુરના હસ્તે આપનો ખેસ પહેરાવી ઉમળકાભેર વધાવ્યા હતા, આ સમગ્ર પ્રવચન દરમ્યાન મોટી સંખ્યામાં ઉપસ્થીત બહેનો, ભાઈઓ અને કાર્યકર્તાઓએ તાળીઓની ગુંજ તેમજ કરશનભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હે જેવા નારા લગાવી કરશનભાઈને ઉમળકાભેર વધાવ્યા હતા. લોકોનો પ્રેમ, ઉત્સાહ અને પોતાના પ્રત્યે રહેલી શ્રદ્ધાને નિહાળી કર્મનીષ્ઠ આપના ઉમેદવાર કરશનભાઈ કરમુર ગદગદીત થઈ ઉઠયા હતા. સાથો સાથ ઉપસ્થિત લોકોએ નારા સાથે કરશનભાઈ કરમુર અને તેમની પેનલને જંગી લીડથી વિજેતા બનાવવાના ઉદગારો પોકાર્યા હતા.

## જામનગરમાં શરાબની ૩૩૬ બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૪

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે જુદા જુદા વિસ્તારોમાંથી દેશી અને અંગ્રેજી દારૂ આ અંગે પોલીસ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે દરમિયાનમાં ગઈકાલે શહેરના શાંતિનગરમાં એક મકાનમાં બાતમીના આધારે એલ.સી.બી ટુકડીએ દરોડો પાડીને શરાબની ૩૩૬ બોટલ સાથે એક શખ્સને દબોચી લીધો હતો પૂછપરછમાં ગોકુલ નગર ના સપ્લાયરનું નામ ખૂલ્યું હતું આ ઉપરાંત દરેડ જીઆઈડીસી વિસ્તારમાંથી એક શખ્સ દારૂની બોટલ સાથે પોલીસની ઝપટમાં આવ્યો હતો. જામનગર જિલ્લા પોલીસ વડા દીપન ભદ્રનની સૂચના મુજબ એલસીબીનો સ્ટાફ શહેર વિસ્તારમાં પ્રોહીબીશન, જુગારના કેસો શોધી કાઢવા પેટ્રોલિંગમાં હતા, એ દરમિયાન એલસીબીના હરદીપભાઈ તથા યશપાલસિંહને મળેલી હકીકતના આધારે જામનગરના રાંદલ નગર રોડ, શાંતિ નગર શેરી નંબર ૭ ના છેડે રહેતા દશરથસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ના મકાનમાં દરોડો પાડીને ઈંગ્લીશ દારૂની ૩૩૬ બોટલ જેની કિંમત રૂપિયા ૧, ૩૪, ૪૦૦ તથા એક મોબાઈલ સાથે દબોચી લીધો હતો. તપાસ દરમિયાન દારૂ સપ્લાય કરનાર ગોકુલ નગર મોમાઈ પાન વાળી ગલીમાં રહેતો કરસન ઉર્ફે કનુ સોમજી વાઘેલાનું નામ ખૂલ્યું હતું જેને ફરાર જાહેર કરવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે વધુ ૨૨૧ ફોર્મ ભરાયા

### પેટાચૂંટણી માટે ત્રણ નામાંકન ભરાયા

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૪

સ્થાનિક સ્વરાજ્યની આગામી તારીખ ૨૮ મી ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની કુલ સાત ચૂંટણી માટે આજે શનિવાર અંતિમ દિવસે વધુ ૨૨૧ ફોર્મ ભરાયા છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત માટે ૪૩, ખંભાળિયા તાલુકા પંચાયત માટે ૪૬, દ્વારકા તાલુકા પંચાયત માટે ૩૯, ભાણવડ તાલુકા પંચાયતમાં ૧૮ અને કલ્યાણપુર તાલુકા પંચાયત માટે ૧૧ ફોર્મ ભરાયા છે. જ્યારે ખંભાળિયા નગરપાલિકા માટે ૪૮ અને રાવલ નગરપાલિકા માટે ૧૬ ઉમેદવારીપત્રો ભરાયા છે. આ ઉપરાંત સલાયા પેટાચૂંટણી માટે બે તથા ઓખા નગરપાલિકાની પેટાચૂંટણી માટે એક ઉમેદવારીપત્ર આજે ભરાયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની કુલ ૨૨ બેઠક માટે ૧૧૩ ફોર્મ આજ સુધીમાં ભરાયા છે. જિલ્લાની ચાર તાલુકા પંચાયત માટે આજે એક દિવસમાં કુલ ૧૧૪ ઉમેદવારી પત્રો સહિત આજ સુધી કુલ ૩૫૧ ફોર્મ ભરાયા છે. જેમાં સૌથી વધુ કલ્યાણપુર તાલુકા પંચાયત માટે ૧૧૧, ખંભાળિયા તાલુકા પંચાયત માટે ૯૪, ભાણવડ તાલુકા માટે પંચાયત માટે ૭૮ તથા દ્વારકા તાલુકા પંચાયત માટે ૬૮ ઉમેદવારી પત્રો ભરાયા છે.

જ્યારે ખંભાળિયા નગરપાલિકા ૨૮ બેઠક માટે ગત તારીખ ૮ થી આજે ૧૩ ફેબ્રુઆરી સુધીમાં કુલ ૧૧૮ અને રાવલ નગરપાલિકામાં આજ સુધી કુલ ૧૦૭ ફોર્મ ભરાયા છે. આમ, ફોર્મ ભરવાની તારીખ ૮મી થી આજરોજ તારીખ ૧૩ સુધીના છ દિવસના સમયગાળામાં તમામ સાત ચૂંટણી માટે આજના ૨૨૧ મળી, કુલ ૬૮૯ ઉમેદવારીપત્રો ભરાયા છે. પેટાચૂંટણીમાં સલાયામાં ૧૩ અને ઓખામાં કુલ સાત ફોર્મ ભરાયા છે. આ બાદ હવે આગામી સોમવાર તા. ૧૫ મી ના રોજ ફોર્મ ચકાસણી તથા મંગળવાર તારીખ ૧૬મી ના રોજ ફોર્મ પરત ખેંચાયા બાદ ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે.

### ભગતસિંહ ક્રાંતિ દળ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલી.....




ભગતસિંહ ક્રાંતિ દળ દ્વારા પુલવામા માં શહીદ થયેલા જવાનો ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાં કેન્ડલ માર્ચ યોજાઈ : રાજકોટનાં રેસકોર્સ રીંગ રોડ પર કેન્ડલ માર્ચ કર્યા બાદ ડો. બાબાસાહેબ અને સરદાર પટેલ નાં સ્ટેચ્યુ પાસે ઉપસ્થિત કાર્યકરોએ બે મિનિટ નું મૌન પાળી શહીદો ને શ્રદ્ધા સુમન સમર્પિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ભગતસિંહ ક્રાંતિ દળ નાં અનેક યુવાનો જોડાયા હતા.

## ભાણવડના ગાંજા પ્રકરણમાં આરોપી જેલ હવાલે, સપ્લાયર સુરતીની શોધ

### જામજોધપુરના ખરાવડમાં રહેતો કામરેજનો શખસ ૧૦ કિલો ગાંજા સાથે પકડાયો'તો

ચક્રવાત ટીમ ભાણવડ તા.૧૪:

દેવભુમિ દ્રારકા જિલ્લાના ભાણવડના ત્રણ પાટીયા રોડ પરથી પોલીસે માદક પદાર્થ ગાંજાના ૧૦ કિલો ૪૬૪ ગ્રામ જથ્થા સાથે જામજોધપુરમાં રહેતા મુળ સુરતના આરોપીને દબોચી લીધો હતો.જેના રીમાન્ડ પુર્ણ થતા તેને જેલહવાલે કરાયો છે.જયારે આરોપીની પુછપરછમાં ગાંજાનો જથ્થો સુરતથી કાલુ નામનો શખ્સ આપી ગયો હોવાનુ કબુલતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.



દેવભુમિ દ્રારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીના માર્ગદર્શન હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપની ટીમે પેટ્રોલિંગ વેળાએ ચોકકસ બાતમીના આધારે વોચ ગોઠવીને ભાણવડના ત્રણ પાટીયા રોડ પરથી બટુક ઉર્ફે બુઢ્ઢા કમાભાઈ પરમાર નામના જામજોધપુરના ખરાવડમાં રહેતા મુળ સુરતના કામરેજ પંથકના વતની શખ્સને માદક પદાર્થ ગાંજાનો ૧૦ કિલો ૪૬૪ ગ્રામ જથ્થા સાથે દબોચી લીધો હતો.

પોલીસે તેની સામે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધ્યો હતો અને તેને કોર્ટમાં રજુ કરી એક દિવસના રીમાન્ડ મેળવી ઘનિષ્ઠ પુછપરછ હાથ ધરી હતી.જે રીમાન્ડ પુર્ણ થતા શુક્રવારે પોલીસે તેને જેલહવાલે કર્યો હતો.પકડાયેલા શખ્સની પુછપરછ દરમિયાન તેને માદક પદાર્થ ગાંજાનો માતબર જથ્થો સુરતનો કાલુ નામનો શખ્સ આપી ગયો હોવાનુ બહાર આવ્યુ હતુ.આથી પોલીસે સપ્લાયરને પકડી પાડવા માટે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.અત્રે ઉલ્લેખનીય છેકે,દેવભુમિ દ્રારકા જિલ્લામાં હાલ સુધીનો સૌથી મોટો માદક પદાર્થનો જથ્થો એસઓજીએ પકડી પાડયો હતો.

આજે ફોર્મની ચકાસણી થશે, મંગળવારે કેટલા ઉમેદવાર રહેશે તે સ્પષ્ટ થશે

## જામનગરમાં ૧૩૬ બેઠક માટે ૭૪૯ ફોર્મ ભરાયા

### પંચાયતોમાં સતા કબ્જે કરવા ભાજપ-કોંગ્રેસ અન્યના ફોર્મ પરત ખેંચાવવા એડી ચોટીનું જોર લગાવશે

જામનગર તા.૧૪:

જામનગર જિલ્લા અને તાલુકા પંચાયતોની કુલ ૧૩૬ બેઠક માટે અધધ ૭૪૯ ઉમેદવારી પત્ર ભરાયા છે. સોમવારે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૧૬ ફેબ્રુઆરીના ફોર્મ પરત ખેંચાયા બાદ પંચાયતો અને પાલિકાની ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવાર રહેશે તે ચિત્ર સ્પષ્ટ થશે.

જામનગરમાં સ્થાનિક સ્વરાજયની જિલ્લા અને તાલુકા પંચાયત થતા પાલિકાની ચૂંટણીમાં શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે નામાંકન પત્ર ભરવા ઉમેદવારોનો રાફડો ફાટયો હતો. જેમાં જિલ્લા પંચાયતની ૨૪ બેઠક માટે વધુ ૬૨ અને તાલુકા પંચાયતની ૧૧૨ બેઠક માટે વધુ ૨૪૯ ફોર્મ ભરાયા હતાં. આમ જિલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠક માટે કુલ ૧૪૦ ઉમેદવારોએ ૧૫૨ ફોર્મ ભર્યા છે. જયારે તાલુકા પંચાયતની ૧૧૨ બેઠક માટે ૫૮૧ ઉમેદવારે ૫૯૭ ફોર્મ ભર્યા છે.

દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં કુલ ૭૧૩ ઉમેદવારી નોંધાઈ

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં જિલ્લા પંચાયતમાં ૧૧૩,ચારેય તાલુકા પંચાયતમાં ૩૫૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. જેમાં ખંભાળીયા તાલુકામાં ૯૪, કલ્યાણપુર તાલુકામાં ૧૧૧, ભાણવડ તાલુકામાં ૭૮, દ્વારકા તાલુકામાં ૬૮ લોકોએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે



ખંભાળીયા નગરપાલિકામાં કુલ ૧૨૦ ફોર્મ ભરાયા હતાં. રાવલ નગરપાલિકામાં ૧૧૩ ઉમેદવાર, ઓખા નગરપાલિકામાં ૩, સલાયા નગરપાલિકામાં ૧૩ લોકોએ ઉમેદવારી નોંધાવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં કુલ ૭૧૩ ફોર્મ ભરાયા હતાં.

જામજોધપુર નગરપાલિકાની વોર્ડ નં.૭ ની પેટાચૂંટણીમાં કુલ ૬ ઉમેદવારી પત્ર ભરાયા છે. ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમ્યાન પેટાચૂંટણીમાં પ્રથમ ચાર દિવસ એકપણ ફોર્મ ભરાયું ન હતું. જયારે શુક્રવારે ૨ અને શનિવારે ૪ ઉમેદવારી પત્ર ભરાયા હતાં.

જામનગર જિલ્લા પંચાયતની ટીકીટમાં કોંગ્રેસના દિગ્ગજોના પત્તા કાપી નવા ચહેરાને ટીકીટ આપવામાં આવતા કોંગ્રેસમાં ચાલી રહેલો આંતરિક જૂથવાદ કારણભૂત હોવાની સાથે કોંગ્રેસના અમુક સ્થાનિક નેતાએ ભાજપ સાથે મીલીભગત કરી ઈરાદપૂર્વક નબળા ઉમેદવારને ટીકીટ આપ્યાની ચર્ચા પણ કોંગ્રેસમાં જોરશોરથી ચાલી રહી છે.

જામનગર જિલ્લા પંચાયતોની બેઠકો માટે કોંગ્રેસે છેક સુધી યાદી જાહેર ન કરી ઉમેદવારોને સીધા મેન્ડેટ આપ્યા હતાં. જેમાં કોંગ્રેસના સીનીયર સીટીંગ સદસ્યોની ટીકીટ કાપી નવા ચહેરાને ટીકીટ આપતા કોંગીની છાવણીમાં ભૂકંપની સ્થિતિ સર્જાઈ છે. જેના પત્તા કાપી નખાયા છે તેમાં દિગ્ગજ હેમત ખવા, નાથાભાઈ ગાગલિયા, વશરામભાઈ રાઠોડ, રેખાબેન ગજેરાનો સમાવેશ થાય છે. આથી હેમત ખવાએ બસપા અને વશરામભાઈએ અપક્ષમાંથી ફોર્મ ભર્યું છે.

## દેવભૂમિદ્વારકાનીમુલાકાતે૧૦૮ગુજરાતના ઓપરેશન હેડ : કામગીરીને બિરદાવી



ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૪

સમગ્ર ગુજરાત રાજયના ૧૦૮ના ઓપરેશન હેડ સતીશ પટેલ તાજેતરમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખાસ મુલાકાતે આવ્યા હતા. અહીંની તેમની મુલાકાત દરમિયાન તેઓ જુદા-જુદા લોકેશન પર જઈ, ૧૦૮ અને "ખિલખિલાટ"ની એમ્બ્યુલન્સનાં કર્મચારીને મળ્યા હતા. આ ઉપરાંત દરિયાઈ ૧૦૮બોટ એમ્બ્યુલન્સમાં આવેલા એક કેસનું પણ તેઓએ પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ સાથે બેટ દ્વારકાના ૬૨ વર્ષીય એક વૃદ્ધ જેટ્ટી પરથી પડી જતા તેમના માટે તુરત ૧૦૮ બોટ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ત્યાં ૧૦૮ ના સ્ટાફની સંપૂર્ણ કામગીરીનું ઓપરેશન હેડ સતીશ પટેલ દ્વારા નજરે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તમામ કામગીરીનું નિરિક્ષણ કરી, તેમના દ્વારા સમગ્ર સ્ટાફને આ સુંદર કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા. કોરોનાના કપરા સમયમાં ૧૦૮ ટીમ દ્વારા કરવામાં આવેલી નોંધપાત્ર કામગીરી માટે પણ તેઓએ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષનું ભવ્ય સ્વાગત કરતા સાંસદ પૂનમબેન માડમ



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૪

જામનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીના પ્રચાર માટે જામનગર પધારેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલનું ભગવાન શ્રી દ્વારકાધીશની છબી અર્પણ કરી સાંસદ પૂનમબેન માડમે સન્માનીત કરી તેમનું સ્વાગત કર્યું હતું.

## જીએસટીમાં સુધારાથી અપ્રત્યક્ષ કરમાળખામાં ૧૫ ફેરફાર કરાયા

ચક્રવાત ટીમ જામનગર,તા.૧૪

જામનગરમાં ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય સંસ્થાના સંયુકત ઉપક્રમે યોજાયેલા કેન્દ્રીય બજેટ માર્ગદર્શન સેમિનારમાં તજજ્ઞોએ જણાવ્યું હતું કે, બજેટમાં જીએસટીમાં સુધારાથી અપ્રત્યક્ષ કરમાળખામાં ૧૫ ફેરફાર થયા છે જેનાથી સરકારની આવક વધશે. તદઉપરાંત ૧૫ વર્ષ જુની ખાનગી વાહન પોલીસી, ટેકસ ઓડીટ મર્યાદા અંગે સમજણ આપવામાં આવી હતી.

જામનગરમાં ચેમ્બર ઓફ કોમર્સ, સીએ બ્રાન્સ, કોર્મશીયલ ટેકસ પ્રેકટીશ્નર્સ એસો.,ટેકસ કધસલન્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે ચેમ્બર ઓફ કોમર્સ ભવનમાં કેન્દ્રીય બજેટ અંગે પોસ્ટ બજેટ સેમિનાર યોજાયો હતો. જેમાં એડવોકેટ વારસી ઈસાનીએ વેપારીઓ અને ઉધોગકારોને બજેટમાં જીએસટીમાં થયેલા સુધારા-વધારા અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ઈન્ડાયરેકટ ટેકસેશનમાં ૧૫ જેટલા ફેરફાર થયા છે. આર્ટીફીસીયરી રીર્ટન, ડેટા ટ્રાન્સફરીંગ, મોનોટાઈઝશન, કોમ્પલાઈઝેશન જેવી સરકારની આવક વધશે. કમ્પલાઈશન બોજ વધતો જાય છે. સાથે સાથે વિવિધ જોગવાઈની માહિતી આપી હતી. જયારે સીએ ધિનલ શાહે બજેટમાં ખાનગી વાહન પોલીસી જે ૧૫ વર્ષ જૂની છે તે બંધ કરવા, આવકવેરામાં સ્લેબમાં કોઈ ફેરફાર ન કરવા, ગુડવીલમાં સુધારો ઘસારો રદ કરવા, ટેકસ ઓડીટની મર્યાદ અંગે, કેસ રીઓપન, ટીડીએસમાં ૧ ટકા કાપવા અંગે સમજણ આપી હતી.

## ખંભાળિયા લાયન્સ કલબ દ્વારા વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૪

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબ દ્વારા અહીંના મુળ વતની તથા હાલ લંડન સ્થિત ઉર્મિલાબેન મુકુન્દરાય સામાણી પરિવારના આર્થિક સહયોગથી સ્વ. રસિકલાલ તુલસીદાસ સામાણી તથા સ્વ. લખમશીભાઈ લાધાભાઈ પાઉંના સ્મરણાર્થે દર મહિનાના પ્રથમ રવિવારે વિનામૂલ્યે ડાયાબિટીસ તેમજ બ્લડ પ્રેસર નિદાન, સારવાર તથા દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ફેબ્રુઆરી માસના પ્રથમ રવિવારે યોજાયેલા આ કેમ્પમાં ૮૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દરમ્યાન લાયન્સ કલબના પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ધીરેનભાઈ બદીયાણી, લાયન્સ કલબના સેક્રેટરી મહેન્દ્રભાઈ જોષી, ડિસ્ટ્રિક્ટ ચેરમેન હાડાભા જામ, દિનેશભાઈ પોપટ, તેમજ ટ્રેઝરર રાજીવ બરછાએ ઉપસ્થિત રહી, વ્યવસ્થા સંભાળી માર્ગદર્શન આપીને કેમ્પને સફળ બનાવ્યો હતો. ડો. નીરજભાઈ ભૂતએ માનદ સેવા આપી હતી.

# ગોધર લુણાવાડા EMT પ્રવીણ પટેલીયા અને પાઈલોટ-બહાદૂર સિંહની પ્રસંશનીય કામગીરી



ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૧૪

સંતરામપુર થી લુણાવાડા હાઈવે ઉપર ચુથના મુવાડા સ્ટેન્ડ પાસે એક બાઈક સવારને અજાણ્યા વાહન જોડે અકસ્માત થયું હતું.સેવાભાવી માણસોએ ૧૦૮ કોલ કરી. દયાની ભાવના રાખી દર્દીના જીવ બચાવવા માટે ૧૦૮ નો સંપર્ક કર્યો હતો એમ્બ્યુલન્સ ગોધરને કોલ મળતાં તાત્કાલિક ૧૦૮ પાઈલોટ-બહાદુરસિંહ અને EMT-પ્રવીણ પટેલીયા તાત્કાલિક ઘટનાના સ્થળ પર પહોંચી ગયાં. હતાં. ત્યાર બાદ ત્યાં ૨૨ વર્ષનાં યુવાન નામ -પગી બળવંતભાઈ વાલાભાઈ બે ભાન અવસ્થામાં હતાં. ત્યારે સમય બગાડ્યા વગર ત્યાંથી તાત્કાલિક લુણાવાડા કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.. ત્યારે તેમની પાસેથી રોકડ રકમ રુપિયા ૩૪૭૬ રોકડ રકમ અન oppo મોબાઈલ અંદાજીત ૧૮૦૦૦ હજાર કિંમતનો કિંમતી મોબાઈલ કુલ મળી-રકમ ૨૧૪૭૬ તેમનાં સગા સબંધીને સંપર્ક કરી .કોટેજ હોસ્પિટલમાંમાં હાજર સ્ટાફ ને હેન્ડ ઓવર કરવામાં આવ્યા હતાં. ૧૦૮ની બહાદુરીને હોસ્પિટલ નાં તમામ સ્ટાફ અને તેમનાં સગાવાલાએ અભિનંદન સાથે સાથે લાંબા આયુષ્યના આર્શીવાદ આપ્યા પાઠવ્યા હતાં.

અમારા પ્રતિનિધિ દિલીપભાઈ બારીઆએ વધુ માહિતી મેળવતા વધુ જાણકારી જાણવા મળી કે પ્રવીણભાઈ પટેલીઆએ છ માસમાં પીસ્તાલીસ ડીલેવરી કરાવી માતા અને બાળકનો જીવ બચાવી મહીસાગર જીલ્લામાં અને આરોગ્ય વિભાગમાં નામના મેળવતા પ્રવીણભાઈ પટેલીયા.

# નસીકપુર ગામે ખુલ્લા કેબલોથી કંટાળી ગયેલા ગ્રામજનો આખરે ચક્રવાત ન્યુઝના દ્વારે



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૪

નસીકપુર પેટા ફળિયામાં ખુલ્લા કેબલોથી ચોમાસામા અકસ્માતનો ભય તેમજ જાડી ઝાંખરાના છુટકારામાથી કાયમ માટે શાંતિ મળી રહે તે માટે ચક્રવાત ન્યુઝના રીપોર્ટર દિલીપ બારીયાએ લુણાવાડા એમ જી વી સી એલ કચેરી ખાતે એન્જિનિયરિંગ આર બી માલીવાડને આપવામાં આવી હતી પરંતું તે અરજીનો વહેલી તકે સર્વે કરવામાં આવી હતી પરંતું એમ જી વી સી એલ ના અધીકારીઓ કોટવાલભાઈ તથા એમના સાથી મિત્રો પણ નસીકપુર ગામમાં આવી સર્વે કરી ટૂંક સમયમાં કેબલ સર્વિસનુ કામ ચાલુ કરીશું તેવુ કોટવાલભાઈએ ગ્રામજનોને જણાવ્યું હતુ. વહેલી તકે નસીકપુર દેનાવાડ પેટા ફળીયામાં લાભ આપવા બદલ એન્જિનિયરિંગ માલીવાડનો આભાર નસીકપુર ગામના ગ્રામજનોમા ખુશીનો માહોલ.

# વેરાવળમાં જાલેશ્વર મહાબીજની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૪

વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા તેમજ અધ્યક્ષ કિશોરભાઈ કુહાડા દ્વારા જાલેશ્વર મંદિર ખાતે રામદેવજી મહારાજના મંદિરે રાત્રીના બીજના પાવન દિવસે મહાઆરતી , સોમનાથ ધુંન દ્વારા રામદેવજી મહારાજના ભજન , મહાપ્રશાદ સહીતના કાર્યક્રમ રખાયા હતા. સાથે ખારવા સમાજ માટે આ પાવન પર્વ છે ને આ પર્વ ખારવા સમાજ ધામધૂમથી વર્ષોની પરંપરાગત ઉજવવામાં આવે છે. જીતુભાઈ કુહાડા અને અધ્યક્ષ કિશોરભાઈ કુહાડા રામદેવપીર બાપાની ઉજવણી ખૂબ ધામધૂમથી ઊજવે છે .આ કાર્યક્રમમા જીતુભાઈ કુહાડા , કિશોરભાઈ કુહાડા, બોટ એસોસિએશનના પ્રમુખ ગોપાલભાઈ ફોફંડી, લોઢી સમાજના પ્રમુખ હીરાભાઈ વધાવી, ગીર સોમનાથ જિલ્લાના ઉપ પ્રમુખ ધનસુખભાઈ કુહાડા , વાણદ સમાજના પટેલ મહેશભાઈ વાજા ,સાધુ સમાજ ના બાપુ ,પટેલ સમાજના રસિકભાઈ પટેલ, ડો. પરમાર , બારોટ સમાજના પટેલ સુરેન્દ્રભાઈ બારોટ, લુહાણા સમાજ ના કાળુભાઈ ,દીપકભાઈ સોલંકી, રમજુંભાઈ દરબાર, પ્રવીણભાઈ પ્રકાશભાઈ માનસી, ખારવા સમાજ ઉપ પટેલ બાબુભાઈ જૂંગી બાબુભાઈ આગિયા, વેરાવળ બોટ એસોસિએશન ના ઉપ પ્રમુખ બાલાભાઈ કોટીયા, અધ્યક્ષ જીવાભાઈ ચોમલ, કિશોરભાઈ ગોહેલ ખારવા સમાજ ના મંત્રી નારણ ભાઈ બાડીયા, તેમજ બહોળી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

# ભુજ નગરપાલિકાના વોર્ડ નં. ૯માં ભાજપની બે મહિલા ઉમેદવાર બિનહરીફ જાહેર થઈ




ચક્રવાત ટીમ કચ્છ, તા.૧૪

ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૯માં ભાજપની ઉમેદવાર દિપ્તીબેન મયંક રૂપારેલ અને રેશ્માબેન જીતેન્દ્ર ઝવેરી એમ બન્ને બિનહરીફ વિજેતા જાહેર થયા છે.ભુજ નગરપાલિકા ૨૦૨૧માં મોટા ભાગની સીટો ભાજપના ફાળે જશે તેમાં કોઈ જ મત નથી કેમ કે વોર્ડ નંબર ૯ની જેમ બધાય વોર્ડની સ્થિતિ ઊભી થાય તો નવાઈની વાત નથી, કોંગ્રેસ, અપક્ષમાં પણ કોઈ ઉમેદવાર ઊભો નથી રહેતો તેથી એવું લાગી રહ્યું છે કે આ વખતે ભુજ નગરપાલિકામાં જંગી બહુમતીથી ભાજપની જીત નિશ્ચિત છે. તો ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધી પણ કચ્છ કોંગ્રેસની જિલ્લા,તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની યાદી જાહેર કરવામાં આવેલ નથી.સૂત્રો માંથી મળતી વિગત મુજબ અમુક કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી તો નોંધાવી પણ પક્ષનો મેન્ડેટ ન મળતા અંતે ઉમેદવારોએ પોતાનું ફોર્મ પરત ખેંચવાના બનાવો પણ પ્રકાશમાં આવ્યા છે. ક્યાંકને ક્યાંક કચ્છ કોંગ્રેસ જિલ્લા,તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ચૂંટણીમાં કોંગ્રેસ નિષ્ફળ જશે.

# વાંકાનેર : ચિત્રાખડા ગામે રહેણાંક મકાનમાંથી ૭૫ બોટલ વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૪

મોરબી એલસીબી ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના ચિત્રાખડા ગામેની સીમમાં આવેલ એક રહેણાંક મકાનમાં દરોડો પાડી ત્યાંથી ૭૫ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જ્યારે આ બનાવમાં વધુ બે શખ્સોના નામ ખુલતા પોલીસે તેમની સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના ચિત્રાખડા ગામની સીમમાં રહેતા રમેશભાઈ સોમાભાઈએ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાખ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે મોરબી એલસીબી ટીમે સ્થળ પર દરોડો પાડતા ત્યાંથી ૭૫ બોટલ વિદેશી દારૂ (કીમત રૂ.૨૮,૧૨૫) સાથે આરોપી જીવણભાઈ અણદાભાઈ ડાભી મળી આવતા તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં અન્ય આરોપીઓ નવનીતભાઈ કોળી (રહે-જોગડા, સુરેન્દ્રનગર) અને રમેશભાઈ સોમાભાઈ જેજરિયા નું નામ ખુલતા પોલીસ દ્વારા બંને શખ્સો સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના કૈલાશ આશ્રમ ખાતે રવિવારે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાશે




ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૪

વાંકાનેરના સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર શાસ્ત્રી શ્રી પ્રભુલાલજી મહારાજ દ્વારા સંચાલિત શ્રી કૈલાશ આશ્રમ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ વાંકાનેર દ્વારા આગામી રવિવારના રોજ કૈલાસ આશ્રમ ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પમાં રાજકોટનાં સુપ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય વૈધ ભરતભાઈ જાની સેવા આપશે, જેથી વાંકાનેરના નાગરિકોને આ આયુર્વેદિક નિદાન કેમ્પનો લાભ લેવા શ્રી કૈલાશ આશ્રમ ગો સેવા ચેરીટેબલ ટ્રસ્ટ વાંકાનેર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# કચ્છ જિલ્લા પંચાયતની મોથાળા સીટ પરથી ભાજપે નોંધાવી ઉમેદવારી



ચક્રવાત ટીમ કચ્છ, તા.૧૪

કચ્છ જિલ્લા પંચાયતની મોથાળા-૨૨ બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના યુવા અને શિક્ષિત ઉમેદવાર મારવાડા પુરુષોત્તમભાઈ મગનલાલ દ્વારા ચૂંટણી અધિકારી પ્રવિણસિંહ જેતાવત સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.વધુમાં ઉમેદવાર મારવાડા પુરુષોત્તમભાઈએ જંગી બહુમતીથી મોથાળા સીટ પરથી જીત નિશ્ચિત છે તેવું વિશ્વાસ વ્યક્ત કર્યું છે.ઉમેદવારી પત્રક ભરતી વેળાએ અબડાસાના ધારાસભ્ય પી.એમ.જાડેજા, જિલ્લા ભાજપના મહામંત્રી શૈલેન્દ્રસિંહ જાડેજા, વાડીલાલભાઈ પોકાર, મુળજીભાઈ ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# બોટાદના કોંગી પ્રમુખ પ્રતાપસિંહ ડોડીયાનું કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૪

બોટાદ જિલ્લા ના રાણપુર તાલુકાના કોંગ્રેસ સમિતિ પ્રમુખ, કિસાન મોર્ચા ના પ્રમુખ, સેવા સહકારી મંડળી ના ચેરમેન, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય, સહિત જાહેર ક્ષેત્રના અનેક હોદ્દાઓ ધરાવતા પ્રતાપ સિંહ ડોડીયા દ્વારા જિલ્લા પંચાયતની ટિકિટની વહેંચણી માં લાગવગશાહી કરી ટિકિટની વહેંચણી થઈ હોય છેલ્લા ૩૫ વર્ષથી કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલા પ્રતાપ સિંહ ડોડીયા દ્વારા કોંગ્રેસ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું છે ધંધુકા ના ધારાસભ્ય રાજુભાઈ ગોહિલ દ્વારા ભાજપના દબાણવશ કોળી સમાજના ઉમેદવારને ટિકિટ ફાળવી દેવામાં આવી હોવાનો આક્ષેપ પ્રતાપસિંહ ડોડીયા દ્વારા ડોડીયા કરવામાં આવ્યો છે ત્યારે જિલ્લા પંચાયત સીટ જાતિવાદી સમીકરણોનો ને લઈ ક્ષત્રિય સમાજના ૮ હજારથી વધુ મતદાન છે પરંતુ માત્ર ૩૦૦૦ નું મતદાન ધરાવતા સમાજને ટિકીટ ફાળવી દઈ ભાજપને આ બેઠક ગિફ્ટ કરવામાં આવી હોય તેવું જાણવા મળે છે આ ઘટના થી સમગ્ર બોટાદ જિલ્લા કોંગ્રેસમાં ખળભળાટ મચી જવા પામ્યો છે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ભાજપ બાદ કોંગ્રેસમાં પણ ટિકિટ વહેચણીમાં અસંતોષ ફલક પર આવતા સમગ્ર જિલ્લામાં ટિકિટ વહેચણી એ ચકચાર વિષય બની ગયો છે.

# વાંકાનેર તાલુકાના અરણીટીંબા નજીક વિદેશી દારૂ ભરેલ ટ્રક ઝડપાયો, ૧૧.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૪

વાંકાનેર તાલુકાના અરણીટીંબા ગામ નજીકથી વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂ ભરેલો એક ટ્રક ઝડપી પાડ્યો હતો. જે બનાવમાં પોલીસે વિદેશી દારૂ સહિત કુલ ૧૧.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જીલ્લા પોલીસ વડા એસ. આર. ઓડેદરા સાહેબની સૂચના તથા ડીવાયએસપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઈ આર. પી. જાડેજા અને ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મળેલ ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના અરણીટીંબા ગામ નજીકથી ટ્રક નંબર પ્ન્ન ૧૫ ઢ ૧૧૬૧ માં ચોર ખાનું બનાવીને છુપાવી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ ૫૪૦ જેની કીમત રૂ. ૧,૬૨,૦૦૦ સહિત કુલ રૂ.૧૧,૬૫,૧૦૦ ના મુદામાલ સાથે આરોપી હરખારામ રેવારામ સોલંકી (રહે-જાનવાનાડી, સુથારોન, રાજસ્થાન)ને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવમાં ભરતસિંગ અને હરપાલસિંહ ઝાલા (રહે-કારોલ સુરેન્દ્રનગર)નું નામ ખુલતા પોલીસે બંને આરોપીઓ સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાંકાનેર તાલુકા પોલીસની આ કામગીરીમાં પીએસઆઈ આર. પી. જાડેજા અને પોલીસ ટીમના મયુરધ્વજસિંહ જાડેજા, જુવાનસિંહ ઝાલા, હરિચંદ્રસિંહ ઝાલા, મુકેશભાઈ જીલરીયા, સંજયસિંહ જાડેજા, અકીલભાઈ બાંભણીયા અને અજયસિંહ ઝાલા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# ઝઘડીયામાં ઉમેદવારી માટે બી.ટી.પી, ભાજપ, કોંગ્રેસ, અપક્ષ, આપના ઉમેદવારોએ ભર્યા ફોર્મ



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૪

ઝઘડીયા સેવાસદન ખાતે બીટીએસ મહામંત્રી તથા ઝઘડીયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવાનાં પુત્ર દિલીપ વસાવા તથા સરલાબેને બીટીપી માંથી મોટી સંખ્યામાં કાર્યકરો સાથે ઉમેદવારી ફોર્મ ભર્યુ. ઝઘડીયા તાલુકાની સ્થાનિક સ્વરાજની ચુંટણી પડઘમ વાગી રહ્યા છે. ઝઘડીયા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની બેઠકો પર બીટીપી, ભાજપા, કોગ્રેસ, આમ આદમી પાટી, બહુજન સમાજ પાર્ટી તથા અપક્ષ જેવી પાર્ટીઓએ પોતાના ઉમેદવારીપત્રો ભરાતાં ઝઘડીયા તાલુકામાં રાજકીય ગરમાઓ જોવા મળ્યો છે. આજરોજ ઝઘડીયા તાલુકાના બીટીપીના તથા ઝઘડીયાના ધારાસભ્ય છોટુ વસાવાનાં પુત્ર દિલીપ વસાવાએ રાજપારડી જીલ્લા પંચાયત માટે તથા સરલાબેન વસાવાએ ધારોલી જીલ્લા પંચાયત માટે બીટીપી માથી મોટી સંખ્યામાં બીટીપી તથા બીટીએસ કાર્યકરો સાથે ઝઘડીયા તાલુકાના સેવાસદન ખાતે પહોંચી જિલ્લા પંચાયતની બેઠકો પોતાની ઉમેદવારીપત્રો ભર્યા હતા. આ ઉપરાંત આજે ઉમેદવારીપત્રો ભરવાનો અંતિમ દિવસ હોય કોંગ્રેસ અને ભાજપમાં પણ જિલ્લા પંચાયતની ૪ બેઠકોના તથા ૨૨ ઝઘડીયા તાલુકા પંચાયતની બેઠકો માટે એ ઉમેદવારીપત્રો ભરાયા હતા. ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિને ઝઘડિયા સેવા સદન ખાતે મોટી સંખ્યામાં અલગ અલગ રાજકીય પાર્ટીઓના ઉમેદવારો તેમના ટેકેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેથી સેવા સદન ખાતે ઝઘડિયા પોલીસનો ચૂસ્ત પોલીસ બંદોબસ્ત પણ ખડકાઈ ગયો હતો.

# ટીકીટ માટે આપમાં ગયેલા ઉમેદવારો નિરાષા મળતા ફરી ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૧૪

આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી કરવા આવેલા મહિલા ઉમેદવારે અચાનક ઉમેદવારી કરવાની ના પાડી દેતા ભાજપના ભડવીરોએ આ તકનો લાભ ઉઠાવી ફરી કેસરીયો ધારણ કરાવ્યો. ગત ટર્મની ઝઘડીયા તાલુકા પંચાયતની બેઠકના ભાજપાના માજી મહિલા સદસ્ય સોનલબેન નરેશભાઈ ઠાકોર સહિતના ગોવાલી ગામના આગેવાનોને ભાજપાએ ટિકિટ આપવામાં પ્રધાન્ય નહીં આપવા બાબત બગાવત કરવાનું નક્કી કર્યું હતું. ગતરોજ માજી તાલુકા સદસ્ય સહિતના કાર્યકરો ભાજપાને રામ રામ કહી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટીમાં જોડાયા બાદ સુલતાનપુરા જિલ્લા પંચાયત તથા ગોવાલી તાલુકા પંચાયતની બેઠક પરથી ચૂંટણી લડવાનું જાહેર કર્યું હતું. આજરોજ આમ આદમી પાર્ટીમાં જોડાયેલા ગોવાલી ગામના કાર્યકરો ઉમેદવારીપત્ર ભરવા આવ્યા હતા. અચાનક ભાજપામાંથી આમ આદમી પાર્ટીમાં ગયેલા કાર્યકરોનું હૃદય પરિવર્તન થતા આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી કરવાનું ના પાડી દીધું હતું. જેની તકનો લાભ લઈ ગોવાલી ગામના કેતન દેસાઈ સહિતના ભાજપના આગેવાનોએ ભાજપમાંથી આમ આદમી પાર્ટીમાં ગયેલા તાલુકા પંચાયતના સદસ્ય તથા તેમના અન્ય સાથીદારોને ભાજપામાં પરત લાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે પ્રયાસ અંતે સફળ થયો હતો. ભરૂચ જિલ્લા ભાજપાના પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા તાત્કાલિક ડેમેજ કંટ્રોલ કરવા ગોવાલી ખાતે પહોંચી કેતન દેસાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં તમામને ફરીથી ભગવો ખેસ પહેરાવ્યો હતો.

# વાંકાનેર શહેરના પેડક વિસ્તારમાં રહેતી પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૪

વાંકાનેર શહેરના પેડક વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જેથી આ બનાવની નોંધ વાંકાનેર શહેર પોલીસ દ્વારા કરવામાં આવી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેરના પેડક વિસ્તારમાં રહેતા પભીભેન નાથાભાઈ ભરવાડ (ઉ.વ. ૩૨)એ ગઈકાલના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક મહિલાને સંતાનમાં એક દિકરો તથા બે દિકરીઓ હોય, જેથી તેમણે માતાની છત્રછાયા ગુમાવી છે. આ બનાવની વાંકાનેર સીટી પોલીસ નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વીરપુરમાં પૂજ્ય બાપા દ્વારા શરૂ કરાયેલા દાન વિના ચાલતા સદાવ્રતને ૨૦૧ વર્ષ પૂર્ણ



ચક્રવાત ટીમ વીરપુર, તા.૧૪

વીરપુર જલારામ મંદિરના ગાદીપતિ જયસુખરામબાપા દ્વારા મંદિરમાં કોઈ પણ પ્રકારનું દાન કે ભેંટ સોગાત સ્વીકાર્યા વગર ચલાવતા સદાવ્રતને આજે એકવીસ તેમજ જલારામબાપા દ્વારા સદાવ્રત શરૂ કર્યાને ૨૦૧ વર્ષ પૂર્ણ થયા હતા. તારીખ ૧૩-૨-૨૦૦૦ શુક્રવાર અને મહા સુદ બીજનો સુવર્ણ દિવસે વીરપુર જલારામ મંદિરના ગાદીપતિ જયસુખરામ બાપા દ્વારા એક અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો હતો કે મંદિર દ્વારા એક પણ રૂપિયાનું દાન કે ભેટ સોગાત સ્વીકારવામાં નહિ આવે. આવો 'ન ભૂતો ન ભવિષ્યતિ' કહી શકાય તેવા નિર્ણયને એકવીસ વર્ષ પૂર્ણ થઈ ગયા. આ ૨૧ વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓએ પૂજ્ય બાપાની જગ્યામાં પ્રસાદીનો લાભ લીધો હશે. છતાંય હજુ વિરપુરમાં મંદિર દ્વારા પહેલાની જેમ જ સદાવ્રત ચાલી રહ્યું છે.

વિશ્વભરમા અલગ-અલગ સંપ્રદાયો દ્વારા ચલાવતા સદાવ્રતો માટે આ એક અજબની મિસાલ છે. પૂજ્ય બાપાની જગ્યામાં દાન સ્વીકારવાનું બંધ કરવાથી બાપાના દુનિયાભરમાં ફેલાયેલ અસંખ્ય ભક્તોએ પોત પોતાના સ્થળોએ બાપાની યાદમાં અન્નક્ષેત્રોની સફળતાપૂર્વક સ્થાપના કરી અને બાપાના પ્રિય કાર્યને આગળ વધાર્યું છે. સાથે આજે પૂજ્ય જલારામ બાપાએ શરૂ કરેલા સદાવ્રતને પણ ૨૦૧ વર્ષ પૂર્ણ થયા છે.

# વાંકાનેર નગરપાલિકાની ૨૮ સીટ માટે કોંગ્રેસે જાહેર કર્યા માત્ર ૧૭ ઉમેદવારો...!

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૪

આગામી દિવસોમાં ગુજરાતમાં જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે ત્યારે વાંકાનેર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે અગાઉના સત્તાધીરી ભાજપ દ્વારા ૨૮માંથી ૨૪ ઉમેદવારોની યાદી જાહેર કરી છે અને આગામી ચાર ઉમેદવારો પણ ટુંક સમયમાં જ જાહેર કરવાના છે ત્યારે સામાપક્ષે કોંગ્રેસ દ્વારા ૨૮ બેઠકો માટે માત્ર ૧૭ ઉમેદવારો જ જાહેર કર્યા છે. આ સિવાયની બેઠકો પર કોંગ્રેસે ચુંટણી ન લડવાનું મન બનાવી સૌને ચોંકાવી દીધા છે.આ અગાઉની ટર્મ માટે કોંગ્રેસ અને એનસીપી દ્વારા સંયુક્ત રીતે ચુંટણી લડવામાં આવી હતી જેમાં ભાજપનો એકતરફી વિજય થયો હતો જ્યારે કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધનનો કારમો પરાજય થયો હતો. જે વચ્ચે આ વખતે ચુંટણીમાં ભાજપનાં એકમાત્ર હરીફ એવા કોંગ્રેસ દ્વારા ૨૮ બેઠકો માટે માત્ર ૧૭ ઉમેદવારો જ ઉભા રાખતા ભાજપનું પલડું ચુંટણી પહેલા જ ભારે દેખાઈ રહ્યું છે.

તંત્રીસ્થાનેથી......

# જાણો ભારતીય નેવીના ઈતિહાસની સાક્ષી આપતા INS વિરાટ વિશે...

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનની નૅવી માટે સૅન્ટુયર શ્રેણીના વિમાનવાહક જહાજ (HMS હર્મીઝ)નું નિર્માણકાર્ય હાથ ધરવામાં આવ્યું, આ દરમિયાન મિત્રરાષ્ટ્રોનો વિજય થયો, જેથી બાંધકામની કામગીરી ધીમી પડી. પંદર વર્ષ બાદ ૧૯૫૯માં આ જહાજ તૈયાર થયું. ભારતે તેમાં જરૂરી ફેરફાર કરાવ્યા અને તેનું રિફિટિંગ કરવામાં આવ્યું. તે ભારતીય નૅવીમાં સામેલ થયું, ત્યારથી જ ભારતનું 'ફ્લૅગશિપ' હતું. INS વિરાટના સેવાકાળ દરમિયાન ૨૨ કૅપ્ટન રહ્યાં, તેનો ખોળો ખૂંદીને લગભગ ૪૦ ફ્લૅગ-ઑફિસર તથા પાંચ ભાવિ નૌસેનાધ્યક્ષ તૈયાર થયા. મે-૧૯૮૭માં ૨૩ હજાર ૯૦૦ ટન (ફૂલ લૉડ સાથે ૨૮ હજાર ૭૦૦ ટન)નું જહાજ ભારતને મળ્યું. તેની લંબાઈ ૨૨૭ મીટર છે તથા તે લગભગ ૨૦ માળ જેટલું ઊંચું છે. તેમાં ૪૩ અધિકારીઓ સહિત કુલ ૧૩૫૦ નૌસૈનિકો ફરજ બજાવતા હતા. INS વિરાટનું સૂત્ર 'જલમેવ યશય, બલમેવ તસ્ય' હતું, જેનો મતલબ 'જે દરિયા ઉપર નિયંત્રણ રાખી શકે, તે બળવાન છે' એવો થાય છે. ભારતીય નેવી દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી પ્રમાણે, પોતાના સેવાકાળ દરમિયાન INS વિરાટ ઉપરથી અલગ-અલગ વિમાન તથા હૅલિકૉપ્ટરોએ ૨૨ હજાર ૬૨૨ કલકાની ઉડાણ ભરી. બે હજાર ૨૫૨ દિવસ (લગભગ સાત વર્ષ) દરિયામાં વિતાવ્યા. આ ગાળા દરમિયાન તેમણે પાંચ લાખ ૮૮ હજાર ૨૮૭ નૉટિકલ માઈલ (દરિયાઈ અંતર માપવાનું એકમ) કે ૧૦ લાખ ૯૪ હજાર ૨૧૫ કિલોમિટરનો પ્રવાસ ખેડ્યો. જે સમગ્ર પૃથ્વીના લગભગ ૨૭ ચક્કર જેટલું થાય છે.



યાકુબ બાદી
તંત્રી

૧૯૮૭માં ભારતે શ્રીલંકામાં શાંતિસેના મોકલીને 'ઑપરેશન જ્યુપિટર' હાથ ધર્યું, ત્યારે INS વિરાટે દરિયાઈ સુરક્ષાની ભૂમિકા ભજવી હતી. ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગીલ સંઘર્ષ થયું, ત્યારે INS વિરાટને અરબી સમુદ્રમાં સક્રિય કરવામાં આવ્યું. ડિસેમ્બર ૨૦૦૧માં ભારતીય સંસદ ઉપર ઉગ્રવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ ઊભી થઈ. બંને દેશોએ પોતાની સેનાઓને સરહદે ખડકી દીધી હતી. એ સમયે ભારત દ્વારા 'ઑપરેશન પરાક્રમ' હાથ ધરવામાં આવ્યું હતુ અને 'કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા' INS વિક્રાન્તને સૂચના આપવામાં આવી હતી. સેવાનિવૃત્ત બાદ પણ તે વિવાદમાં સપડાયું હતું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે 'તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીએ યુદ્ધજહાજનો ઉપયોગ પોતાની રજાઓને માણવા માટે ટૅક્સીની જેમ કર્યો હતો.' બાદમાં આઈ.એન.એસ. વિરાટના તત્કાલીન કમાન્ડિંગ ઑફિસર તથા રિટાયર્ડ વાઈસ-ઍડમિરલ વિનોદ પસરિચાએ તે 'ફૅમિલી ટ્રિપ' હોવાની વાતને નકારી હતી. દક્ષિણ કમાનના તત્કાલીન વડા અને હાલ નિવૃત્ત ઍડમિરલ રામદાસના કહેવા પ્રમાણે, એ સમયે તેઓ નૌસેનાની દક્ષિણ કમાનના વડા હતા અને તે સમયે તેઓ જહાજ પર હતા. તે એક સરકારી કાર્યક્રમ હતો. ૩૦ વર્ષ માટે ભારતીય નેવીની સેવા કરી તે પહેલાં ૨૭ વર્ષ સુધી તે બ્રિટિશ રૉયલ નૅવીના ભાગરૂપ રહ્યું હતું. જ્યાં તેણે 'ઑપરેશન મર્સી' તથા બ્રિટન-આર્જેન્ટિના વચ્ચેના ૧૦-દિવસીય ફાલ્કલૅન્ડ યુદ્ધમાં આ વિમાનવાહક જહાજે ચાવીરુપ ભૂમિકા ભજવી. હાલમાં ભારત પાસે એકમાત્ર સેવારત વિમાનવાહક જહાજ આઈ.એન.એસ. વિક્રમાદિત્ય છે. રશિયા પાસેથી ખરીદેલા આ જહાજનું મૂળ નામ ઍડમિરલ ગૉર્શ્કોવ હતું. તેનું વજન ૪૫ હજાર ટન કરતાં વધુ છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




### પ્રકરણ ૬૫

નીચે મેદાનના અવાજો પર હવે પવનના સૂસવાટા હાવી થઈ રહ્યા હતા. મને સામા પવને ધસમસતી આવી રહેલી ગાડીઓનો આછો આછો અવાજ સંભળાઈ રહ્યો હતો. સાગર મારી રાહ જોઈ રહ્યો હતો. "કાના, જલ્દી કર, કમ ઓન."એના દબાયેલા અવાજે બોલાયેલાં શબ્દો મારી ચિંતામાં ઓર વધારો કરતાં હતાં. હું ઝડપથી ચડવાના એકવાર પાણાંની ઠોકરથી પડતાં પડતાં માંડ બચ્યો. પૂનમના ચંદ્રની ચાંદનીમાં હું જેમ તેમ કરી પડતો આખડતો સાગરના બુલેટ પાસે પહોંચી તેની પાછળ ગોઠવાયો.

તે જાણે મારી જ રાહ જોતો હોય તેમ બાઈક રેસમાં ભાગ લેતો હોય એમ બુલેટ ભગાવી. ટેકરીની ટોચ સુધી પહોંચ્યા ત્યાં સુધી શક્ય એટલું લિવર ખેંચી લીધું. અમે બે વાર પડતાં પડતાં બચ્યા. ટેકરીની ટોચ પર પહોંચ્યા ત્યારે ધાર ઉપર ગોળાકારે ગાડીઓ જાણે ટેકરીની ધારોને શણગારવાની હોય તે રીતે ગોઠવાઈ ગઈ હતી. મને કોઈ ખતરાનો અંદેશો આવી ગયો હતો. પણ કશું સમજાતું નહોતું.

અચાનક અને એક સાથે બધી ગાડીઓની લાઈટો ચાલુ થઈ. જાણે કોઈ સિગ્નલ આપવામાં આવ્યું હોય એમ ફરતી બાજુ ધડાકાથી 'ચકલી ચોરો' ધ્રુજી ઉઠ્યો હતો. આ માઈનિંગ માટેના ડાયનેમાઈટ જાણે પહેલેથી પ્લાનિંગ કરીને ગોઠવવામાં આવ્યા હતાં. હજુ પણ ધડાકાની ચેન ચાલુ જ હતી. જમીનમાં જાણે બૉમ્બ દાટયા હોય એમ ધૂળના ફુવારા ઉડી રહ્યા હતાં. ચારે તરફ ધુમાડાના ગોટેગોટા ઉડી રહ્યા હતાં.

સાગર ડાબા કાંડામાં રહેલી ઘડિયાળમાં એક બટન દબાવ્યું. એ સાથે જ રેડ લાઈટ બીપ..બીપ અવાજ સાથે ચાલુ બંધ થઈ રહી હતી.

ધુમાડાના ઉડતાં ગોટાં વચ્ચે ટેકરીની ટોચે રહેલો ગાડીઓનો કાફલો નીચે મેદાન તરફ આગળ વધી રહ્યો હતો. સાગર બુલેટ બન્ધ કરી શાંતિથી ઉભો હતો. તે મેદાનમાં પહોંચી રહેલા ગાડીના કાફલાને જોઈ રહ્યો હતો. મને કશું સમજાતું નહોતું અચાનક શું થઈ ગયું. તેના ઘડિયાળની લાલ લાઈટ કલર બદલાઈને લીલો થઈ ગયો. સાથે બીપ.....બીપ નો આવતો અવાજ પણ બદલાઈ ગયો. સાગરે ઝડપથી બેગમાંથી એક બોક્સ કાઢ્યું. તેમાં રહેલા રોકેટ જેવા એક મોટા ફટાકડાંને જમીન પર ગોઠવ્યો અને ખિસ્સામાં રહેલા લાઈટરથી સળગાવ્યો. વીસેક સેકન્ડમાં આ ફાટકડો આકાશમાં જઈને દેશના રાષ્ટ્રધ્વજ તિરંગાના આકારની રોશનીથી ઝગમગી ઉઠ્યો.

અમે બંને ફરીથી બુલેટ પર ગોઠવાયા. સાગરે ઝડપથી બુલેટ સ્ટાર્ટ કરી સાથે હેડલાઈટ પણ શરૂ કરી. "કાના, મને પકડી લેજે." સાગરે બુલેટની સ્પીડ વધારતાં કહ્યું. "આજે આપણે સામે ચાલીને મોતના મુખમાં જઈ રહ્યા છીએ. સમયસર મદદ મળશે તો બચી જશું. નહીં તો આ આપણી છેલ્લી બાઈક રાઈડ છે. પણ તું ડરતો નહીં આપણે છેલ્લે સુધી લડીશું. હું તને કંઈ નહીં થવા દવ. મારું અધૂરું રહેલું કામ તારે પૂરું કરવાનું છે." તેના શબ્દો સાંભળી મારા શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું. શું અમે બંને મોત સામે જિંદગીનો જંગ લડી રહ્યા હતાં ?

સાગરને જાણે આ બનાવની આગોતરી જાણ હોય તેમ તે માનસિક રીતે તૈયાર હોય એવું લાગતું હતું. તે બુલેટ ફૂલ સ્પીડમાં ચલાવી રહ્યો હતો. અમે ઝડપથી કાચી સડક વટાવી ડામર રોડ પર પહોંચી ગયા હતાં. મને એમ થયું હાશ બચી ગયા ..! પણ આ શું ....? હું ભૂલી જ ગયેલો અહીંયા આવવનો અને બહાર નીકળવાનો કદાચ આ એક જ રસ્તો હતો. થોડે દૂર આગળ રસ્તો રોકી ગાડીઓનો કાફલો ઉભો હતો. સાગરે પાછળના અરીસામાં જોયું. એક ગાડી બહુ ઝડપથી અમારો પીછો કરી રહી હતી. એ બંધ લાઈટે અમારી પાછળ આવી રહી હતી. મેં સાગરની જેમ પાછળ ફરીને જોયું ત્યારે મને ખ્યાલ આવ્યો. હે ભગવાન ...અમે ચારેબાજુથી ઘેરાઈ ગયા હોય એવું લાગતું હતું. મને પહેલીવાર મૃત્યુનો વિચાર આવ્યો.

સાગરે સામે ઉભેલા ગાડીના કાફલાને જોઈને સ્પીડ ઘટાડવાનો બદલે ઔર વધારી. આ મુશ્કેલ સમયમાં તેનું ડેરિંગ અને સૂઝબૂઝ જોતાં તે ખરેખર વાતોનો નહીં પણ વાસ્તવિકતામાં પણ મર્દ હતો એ સાબિત કરી રહ્યો હતો. અમે એ રોડવચ્ચે ઉભેલી ગાડીઓથી થોડે દુ ર હતાં ત્યાં અચાનક એક જ સાથે દસેક હેલોજન જેટલો તીવ્ર પ્રકાશ ચમક્યો. સાગરની આંખો અંજાઈ ગઈ. સાગરે બુલેટને ક્લચ કરી હવામાં ઉડાડી ગાડીના કાફલાને પસાર કરવાની ટ્રાય કરી. પણ તીવ્ર પ્રકાશને લીધે બુલેટે કન્ટ્રોલ ગુમાવ્યો. સ્પીડ વધારે હોવાથી બુલેટ સ્લીપ થઈને રોડ પર ઘસડાયું. સાથે અમે બંને પણ ઘસડાયા.

આગળ થોડે દુર એક વૃક્ષના થડ સાથે અથડાયા. અમે પછડાટ સાથે બુલેટથી અલગ થયાં. મારી પીઠમા કોઈએ જાણે ફેરવીને લાકડી મારી હોય એવી સબાકો બોલ્યો. મારાથી નાછૂટકે રાડ પડાઈ ગઈ. મારી જાણે નજર સામે મોત નાચતું હોય તેવું લાગ્યું. મારી આંખે જાણે અંધારા આવી ગયા હતાં. મેં ઉભો થવાનો પ્રયત્ન કર્યો. પણ થઈ ના શક્યો. ખુદની ઉપર કંટ્રોલ ગુમાવી ફરીથી પડી ગયો. પીઠમાં સખત દુઃખાવો થઈ રહ્યો હતો. મેં પડખું ફરી પેટના સહારે કોણી ટેકવી ફરીથી મોં ઉંચુ કર્યું.

મારી આંખો સામેનું દ્રશ્ય જોઈ સ્ટેચ્યુની જેમ થીજી ગઈ. મારી નજર સામે સાગરને સખત માર પડી રહ્યો હતો. માણસોનું ટોળું પગની લાતો વડે તેના પર તૂટી પડ્યું હતું. તે કોઈ જાતના પ્રતિકાર વગર જીવતી લાશ બની ગયો હોય એવું લાગતું હતું. મેં હતું એટલું જોર કરીને રાડ પાડી. "સાગર....."

હું હતું એટલું જોર લગાવી તેને બચાવવા માટે એ દિશામાં પેટે ઘસડાતાં ઘસડાતાં આગળ વધ્યો. થોડે આગળ પહોંચ્યો ત્યાં મારી સામે બે પગ આવીને ગોઠવાઈ ગયા. મેં નજર ઉંચી કરીને જોયું તો મારી સામે ગબ્બર ડોન ઉભો હતો. મેં સખત ગુસ્સાથી તેની સામે જોયું. મારા માથામાં સખત દુઃખાવો થઈ રહ્યો હતો. ઉભો થવા ગયો ત્યાં સાથળના ભાગમાં કડાકો બોલ્યો હોય એવું લાગ્યું. હું માંડ માંડ ઉભો થઈ રાડ નાખી તેનો સામનો કરવા ગયો. આવખતે મારા મોં માંથી અવાજ ના નીકળી શક્યો. હું માંડ ઉભો રહી શકતો હતો. એટલી તીવ્ર વેદનાથી પગ સણકી રહ્યો હતો. મેં ગબ્બરને પકડવાનો પ્રયત્ન કર્યો. ત્યાં પાછળથી કોઈએ મારી પીઠમાં જોરથી લાત મારી. તીવ્ર વેદના સાથે હું ટુંટિયું વળી ફરીથી જમીન પર પટકાયો

પેલા લોકો હવે સાગરને મારતા બંધ થઈ ગયા હતા. મારામાં હલવાની પણ તાકાત નહોતી. જોકે હું હજુ પણ હોશમાં હતો.ગબ્બર ડોને મારી પાસે નીચે બેસી મારા લમણા પર બંદૂક તાકતા કહ્યું, "છેલ્લો ચાન્સ આપું છું. સમજાવી દેજે તારા દોસ્તને. છ મહિનામાં મારું મકાન ખાલી કરી દે અને મારા કામમાં વચ્ચે આવવાનું બંધ કરે. નાની નાની માછલીઓ પકડે કાંઈ નહીં મળે. જે દિ મગરમચ્છના મોઢામાં આંગળા નાખવાની ત્રેવડ હોય તે દિ મેદાને પડે. એને સમજાવ....એ વિચારે છે એથી ક્યાંય મોટું અને તેની કલ્પના બહારનું છે આ બધું. આ કામ માટે મને મારા જ દેશના સાગર જેવા છોકરાઓનો જીવ લેવાનું ક્યારેય નહીં ગમે. લાસ્ટ ચાન્સ..હવે ગબ્બર નહીં બોલે પણ આ બંદૂકની ગોળીઓ બોલશે.

હું તેને ગુસ્સાથી એકધારો ઘૂરી રહ્યો હતો, "મારા દોસ્તને કંઈ થયું હશે ને ગબ્બર તો હું તને જીવતો નહીં છોડું." "સાલ્લા, હરામીની ઓલાદ. તું પણ એના ભેગો રહીને તેના જેવો જ થઈ ગયો." તેણે મારી જમણી હથેળી કચકચાવીને બૂટની એડી નીચે દબાવી દીધી. હું દર્દ અને વેદનાથી કણસી રહ્યો હતો. કોઈ ગાડી આ બાજુ આવી રહ્યું હોય એવું લાગી રહ્યું હતું. "ગબ્બરભાઈ, ચાલો નીકળીએ, આ આપણી ગાડી નથી." તેના માણસો માંથી કોઈ બોલ્યું.

ગબ્બરે મારા પેટમાં હતું તેટલું જોર લગાવીને લાત મારી. "તું સાગરનું પ્યાદું બનીને મારી સામે મેદાને ઉતરીશ. સાલા...મગતરાની ઓલાદ...તું મને ચેલેન્જ કરીશ...એપણ સાગર જેવાની બે ટકાની દેશભક્તિ માટે....!" તેને ગુસ્સામાં બેચાર લાતો બીજી ફટકારી. પેલાએ ઝડપથી ગબ્બર ડોનને અટકાવ્યો. 'ચાલો ભાઈ, હવે વધુ રોકાવું જોખમી છે. હું દર્દથી કણસતો પડખું ફરીને બેવડો વળી ગયો હતો.

ત્યાં મારી નજર ગાડીમાં મોઢામાં પટ્ટી બાંધેલી એક છોકરી પર પડી. "એન્જલ'....! મેં હતી એટલી શક્તિ ભેગી કરી નજર તીવ્ર કરી. એ એન્જલ જ હતી. તેને આ લોકો પકડીને ક્યાં લઈ જઈ રહ્યા હશે ? તેની આંખો નિઃસહાય બની મદદ માગતી હોય તેવું લાગ્યું. બહુ ઝડપથી ગાડી સ્ટાર્ટ થવાના અવાજ સાથે તે મારી આંખો સામેથી ઓજલ થઈ ગઈ.

સાગર જીવતો હતો કે નહીં તેની પણ ખબર નહોતી. મારી આંખો ધીમે ધીમે મિંચાઈ રહી હતી. હું શક્ય તેટલો ભાનમાં રહેવાનો પ્રયત્ન કરતો હતો. પીળો પ્રકાશ સાવ નજીક આવીને સ્થિર થઈ ગયો હતો. તેમાંથી માનવદેહના કેટલાક ઓળા મારી તરફ આવતાં હોય તેવું લાગતું હતું. અચાનક હું ઢળી પડ્યો.

★★★★

*ICUના મશીનોના આંકડા બહુ ઝડપથી બદલાઈ રહ્યા હતા. આ વખતે સાગર અને ક્રિષ્ના બર્નેને એકસાથે શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. અચાનક આવું બનવું મીરાની સમજ બહાર હતું. નર્સો દોડતી ICUમાં આવી. એટલી જ ઝડપે ડૉક્ટર પણ આવી ગયા હતા. મીરાને બહાર મોકલી દેવામાં આવી.*

*ક્રિષ્નાના શરીરના હૃદયના ધબકારા અને ઓક્સિજન લેવલ સતત ઘટી રહ્યું હતું. સતત ડાઉન થઈ રહેલા આંકડાને જોઈ ડોક્ટરોની ચિંતામાં વધારો થઈ રહ્યો હતો. સાગરની પણ હાલત ખરાબ થઈ રહી હતી.. ICUમાં ડોક્ટરો મોત સામે જિંદગીને બચાવવા ઝઝૂમી રહ્યા હતા. જ્યારે ડાયરીમાં સાગર અને ક્રિષ્ના પણ......! મીરા કાચની પેલે પાર મોત સામે જિંદગીનો સંઘર્ષ જોઈ ના શકી. એ ત્યાં જ ફસડાઈ પડી. ખુદને કાબૂમાં ના રાખી શકી. અત્યાર સુધી અંદર સાચવી રાખેલો લાગણીઓનો ઉભરો આંસુ રૂપે બહાર આવી ગયો હોય તેમ મૂકીને રડી પડી.*

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૫-૦૨-૨૦૨૧, સોમવાર, મહા સુદ-૪, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત ૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય

» મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.

» કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ

» સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.

» કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા

» તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.

» મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો

» મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# પૌષ્ટિક ફળ - ચીકુ

(ગતાંકથી શરૂ)

ફળમાખી : ફળમાખી રંગે બદામી અને રંગીન ડાઘા ધરાવતી પારદર્શક પાંખોવાળી હોય છે. માદા ફળમાખી પરિપકવ થવા આવેલાં ફળોમાં પોતાનું અંડનિક્ષેપક દાખલ કરી ફળમાં ઈંડા મૂકે છે. ઈંડામાંથી નીકળેલા કીડા ફળની અંદરનો ગર્ભ ખાઈને નુકશાન કરે છે. નુકશાન પામેલાં ફળો કહોવાતાં ખાટી દુર્ગંધ મારે છે. એપ્રિલથી જૂલાઈ દરમ્યાન ચીકુવાડીમાં આ જીવાતનો ઉપદ્રવ વધુ જોવા મળે છે.

નિયંત્રણ : ફળમાખીના નિયંત્રણ માટે વાડીમાં સ્વચ્છતા રાખવી અને સડેલાં ફળો ખાડામાં દાટી મિથાઈલ પેરાથિયોન પાઉડર નાંખવો. નૌરોજી મિથાઈલ યુજીનોલ યુક્ત ટ્રેપ દર ૧૦ ઝાડ દીઠ એક પ્રમાણે અથવા હેકટરે ૧૦ ટ્રેપ મૂકવાથી નર ફળમાખીને આકર્ષીને વસ્તી વધતી અટકાવી શકાય છે. સામૂહિક રીતે આ ટ્રેપો મૂકવાથી અસરકારક નિયંત્રણ થઈ શકે છે. આ ટ્રેપ જમીનથી ચાર ફુટ ઉંચાઈએ મૂકવા.

ચીકુનુ પાનકોરિયું અને પાન વાળનારી ઈયળ : આ જીવાતો નવી પીલવણી ને વધતાં ઓછા પ્રમાણમાં નુકશાન કરતી હોય છે. વધારે ઉપદ્રવ હોય તો ડી.ડી.વી.પી. ૧૦ લિટર પાણીમાં ૫ મિ. લી. પ્રમાણે દ્રાવણ બનાવી છંટકાવ કરવાથી આ જીવાતનું નિયંત્રણ થઈ શકે છે.

ચીકુ ફળની કથીરી : દક્ષિણ ગુજરાતના ચીકુ ઉગાડતા વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષથી ટુકરેલા નામની લાલ માઈટનું નુકશાન ચીકુ ફળમાં જોવા મળે છે. આ માઈટ ફળો પર ઘસરકા પાડી તેમાંથી નીકળતો રસ ખાય છે. પરિણામે ફળો ખરબચડા અને કાળા રંગના થઈ જાય છે અને ફળોની ગુણવત્તા ઘટે છે.

નિયંત્રણ : આ માઈટના નિયંત્રણ માટે ૧૦ લિટર પાણીમાં ફેનાઝાકવીન ૧૦ મિ.લિ અથવા ઈથીઓન ૨૦ મિ. લિ.અથવા પ્રોપરગાઈટ ૧૦ મિ. લિ. દવા ભેળવી છંટકાવ કરવો જોઈએ.

બીજ કોરી ખાનારી ઈયળ (સીડ બોરર) :

આ જીવાતની ઈયળ મધ્યમથી મોટા કદના ફળોનાં બીજનો અંદરનો ભાગ ખાય છે. પરંતુ ઈયળ અવસ્થા પુરી થતાં ફળમાં કાણું પાડી બહાર આવી પાન પર કોશેટો બનાવે છે. ફળ પરનાં આવા કાણાંમાંથી ફૂગ તથા અન્ય જીવાતો ફળમાં દાખલ થઈ નુકશાન કરે છે. આમ ઉપદ્રવિત ફળો ખાઈ શકાતાં નથી. તેની ગુણવતા ઘટવાથી બજારભાવ ઓછા મળે છે.

નિયંત્રણ : ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં ૧૦ લિટર પાણીમાં પ્રોફેનોફોસ અને સાયપરમેથ્રીનનું તૈયાર મિશ્રણ ૧૦ મિ. લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ. લિ. અથવા લેમડાસાયહેલોથ્રીન ૧૦ મિ. લિ. પ્ર્માણે ના છંટકાવ ૨૦ થી ૨૫ દિવસના અંતરે ૨ થી ૩ વખત કરવાથી આ જીવાતનું નિયંત્રણ થઈ શકે છે.

રોગો :

પાનનાં ટપકાં : ચીકુના પાકમાં ફૂગથી થતાં પાનનાં છીંકણીયા ટપકાં, પાનનાં લાલ બદામી ટપકાં અથવા તો પાનનો ઝાળ અને પાનનાં રાખોડી રંગના ટપકાં જોવા મળે છે. ખાસ કરીને ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર

માસમાં આ ટપકાંઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ ટપકાંઓને લીધે પાન સુકાઈ ને ખરી પડે છે. તેમજ કોઈક વાર આ રોગનું પ્રમાણ વધુ હોય તો ઉત્પાદન પર માઠી અસર પડે છે જેથી આર્થિક નુકશાન થાય છે.

નિયંત્રણ : આ તમામ પાનના ટપકાંના અસરકારક નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨ ગ્રામ/લિ. અથવા કાર્બેન્ડાઝિમ ૦.૫ ગ્રામ/લિ. અથવા તો કોઈપણ તાંબા યુકત ફૂગનાશક દવા ૩ ગ્રામ/લિ. પ્રમાણે જરૂરી દવાનો જથ્થો બનાવી ૨૦ થી ૨૫ દિવસના અંતરે બે થી ત્રણ વખત છંટકાવ કરવો.

સુકારો : આ રોગ ફુગથી થાય છે. શરૂઆતમાં ઝાડ ઝાંખા પીળા અને ફીકકા થઈ ધીમે ધીમે સુકાવા લાગે છે. ખાસ કરીને વરસાદ બંધ થયા પછી સપ્ટેમ્બર-ઓકટોબર માસમાં છૂટાછવાયાં ઝાડોને અસર જોવા મળે છે. સમય જતાં આખું ઝાડ સુકાઈને મરી જાય છે. આ રોગની ફુગ મૂળ મારફતે આક્રમણ કરતી હોવાથી મૂળના અંતઃભાગને અસર થાય છે અને ઝાડ મરી જાય છે.





ડો. હેમાંગી ડી. મહેતા
વિષય નિષણાંત, કૃષિ
વિજ્ઞાન કેન્દ્ર - મોરબી

નિયંત્રણ : રોગવાળા ઝાડના થડનું ઢીમું ખોલી કાર્બેન્ડિઝીમ ૨૦ ગ્રામ ત્ર ૨૦૦ ગ્રામ યુરિયા ૨૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી થડમાં રેડવું. ૨૦ થી ૨૫ દિવસના અંતરે બે થી ત્રણ વાર ઉપર પ્રમાણે માવજત આપવી. આ ઉપરાંત વાડીમાં પાણી ભરાવા ન દેવું. પિયતનું નિયમન કરવું. તેમજ જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા વીરીડી નામની જૈવિક ફુગનું કલ્ચર સેન્દ્રિય ખાતર સાથે ભેળવી આપવાથી રોગનું નિયંત્રણ થઈ શકે છે.

અવરોહ મૃત્યુ (ડાયબેક) : આ રોગની શરૂઆતમાં ડાળીઓ ઉપરથી નીચેની તરફ સુકાતી જાય છે, તથા પાન પણ સુકાઈને ખરી પડે છે.

નિયંત્રણ : આ રોગના નિયંત્રણ માટે કોપર ઓકસીકલોરાઈડ ૪૦ ગ્રામ/૧૦ લીટર અથવા કાર્બેન્ડિઝીમ ૫ ગ્રામ/૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

ફળનો પોચો સડો : આ રોગની શરૂઆતમાં ફળ પર ઘાટા બદામી રંગના ઝખમો ઉત્પન્ન થાય છે. જે ધીમે ધીમે વિકાસ પામે છે. આની અસર થી ફળ પાકવાની ક્રિયા ઝડપી બને છે અને ફળ પર ફૂગનું વર્ધન જોવા મળે છે. ફળમાંથી કાળા રંગના પ્રવાહીનું ઝરણ થતું જોવા મળે છે. જે ખરાબ ગંધ ફેલાવે છે.

નિયંત્રણ : આ રોગના નિયંત્રણ માટે ફળોને ઉતાર્યા બાદ ડાયથેન એમ-૪૫ દવાના ૦.૧ ટકા દ્રાવણમાં પાંચ મિનિટ બોળવા.

ફળ ઉતારવાં : ચીકુના ઝાડ ઉપર લગભગ બારેમાસ વધતા ઓછા પ્રમાણમાં પુષ્પો અને ફળો જોવા મળે છે. સામાન્ય રીતે ઓકટોબર થી જાન્યુઆરી માસના ગાળા દરમ્યાન વધુ ફળ મળે છે. ત્યારબાદ મે માસ સુધી ફળો મળતા રહે છે. ફળની છાલ લીલાને બદલે પીળાશ પડતી જણાય, ફળ ઉપર હાથ ઘસવાથી રેતી જેવો ઝીણો ભૂકો હાથમાં ચોંટે અને ફળની ટોચ પરનો કાંટો સહેજ અડકતાં ખરી પડે ત્યારે ફળો ઉતારવા લાયક ગણાય છે. ફળો ઉતારવા માટે વેડીનો ઉપયોગ કરવો. ફળો જમીન ઉપર ન પડે તેની ખાસ કાળજી રાખવી. ઉતારેલ ફળોને કોથળામાં નાખી હલાવવા જેથી ફળ સ્વચ્છ અને ચળકાટ આપશે. કોથળામાં નાંખીને હલાવવાના વિકલ્પે ફળોને પાણીમાં ધોઈ સૂકવવામાં આવે છે. ત્યારબાદ કદ પ્રમાણે વર્ગીકરણ કરીને બજારમાં મોકલવામાં આવે છે.

ઉત્પાદન : ચીકુની કલમોની રોપણી પછી શરૂઆતમાં બે વર્ષ સુધી આવતા ફળો તોડી નાંખવા હિતાવહ છે. ધીરેધીરે ચોથા વર્ષ પછી ઉત્પાદન મળતું થાય છે. સામાન્ય રીતે પુખ્ત વય (૧૨ થી ૧૫ વર્ષ) ના ઝાડ પ્રતિવર્ષ ૧૨૦ થી ૧૫૦ કિ. ગ્રા. જેટલું ફળનું ઉત્પાદન આપે છે.

ટકાઊ શક્તિઃ ફળોને ઉતાર્યા પછી મુખ્યત્વે ત્રણ ગ્રેડમાં વર્ગીકૃત કરવા જોઈએ ત્યારબાદ કાગળના બોક્ષમાં ૧૦ કિલોગ્રામ ફળ ભરવા,

૧). ફળોને ઉતાર્યા બાદ ૧૫૦ પી.પી.એમ. જીબ્રેલીક એસિડના દ્રાવણમાં ૮ થી ૧૦ મિનિટ બોળ્યા બાદ કાગળના બોક્ષમાં ભરવાથી તેની ટકાઉશકિત વધે છે,

૨). થયેલ અભ્યાસ મુજબ ચીકુને ઉતાર્યા બાદ ૧ % ચુનાના દ્રાવણમાં ૫ મિનિટ સુધી ડૂબાડી સુકાયા બાદ પાણીમાં ધોવાથી ફળોના દેખાવમાં સુધારો થાય છે અને ટકાઉશકિત વધે છે,

૩) એક અભ્યાસ મુજબ ફળોને ઉતાર્યા બાદ ૧૦ સે. ગ્રે. તાપમાને ૮ કલાક સુધી પ્રિકુલીંગની માવજત આપીને ૫૦ માઈક્રોનની ૧.૨ ટકા કાણાવાળી બેગમાં ભરી સીએફબી બોકસમાં મૂકી ૧૨ સે. ગ્રે. તાપમાને કોલ્ડ સ્ટોરેજમાં રાખવાથી ફળોની ગુણવતાને અસર થયા વગર ૧૫ દિવસ સુધી સંગ્રહ કરી શકાય છે.

ઔષધિય ગુણોઃ ચીકુનાં પાકા ફળ ખૂબ મધુર, શીતળ, પૌષ્ટિક, રૂચિકર , તાવ મટાડનાર અને પિતશામક છે. આહાર તરીકે તે ખુબ લાભપ્રદ ફળ છે. તે ખાવાથી શરીરમાં તાજગી અને સ્ફુર્તિ આવે છે તથા આંતરડાની શક્તિ વધે છે, આંતરડાં મજબૂત બને છે. વીર્યની વૃધ્ધિ થાય છે. બીમાર દર્દીઓ માટે તે ખૂબ પથ્ય ખોરાક છે. કાચાં ચીકુ ખાવાથી કબજિયાત, મંદાગ્નિ તથા ઉદરશૂળ થાય છે. ૧). મુત્રદાહઃ પાકા ચીકુની સાકર છાંટી રોજ ૩ વખત ખાવા.૨). ધાતુપુષ્ટિઃ પાકાં - મીઠા ચીકુ સાકર નાંખી ખાવા કે ચીકુનો દૂધમાં શેઈક બનાવીને પીઓ અથવા ચીકુનો હલવો બનાવી ખાવો. ૩). પિત-પ્રકોપઃ ચીકુના ફળની છાલ ઉતારી, બીયાં કાઢી નાખી, તેની ચીરીઓ માખણમાં રાત્રે પલાળી રાખી, રોજ સવારે ખાવાથી પિત (ગરમી) નો પ્રકોપ શાંત થશે. - તાસીર મુજબ સેવન કરવું.

ચીકુ
પ્રતિ-૧૦૦ ગ્રામ - પોષક તત્વો

| | |
|---|---|
| કાર્બોહાઈડ્રેટ | ૩૨ ગ્રામ |
| સોડિયમ | ૭ મી.ગ્રામ |
| ફેટ | ૦.૫ગ્રામ |
| ડાયેટરી ફાઈબર | ૫.૪ ગ્રામ |
| સુગર | ૨૦ ગ્રામ |
| પ્રોટીન | ૧.૫ ગ્રામ |
| કેલ્શિયમ | ૧૮ મી.ગ્રામ |
| પોટેશિયમ | ૪૫૪મી.ગ્રામ |

# વસઈમાં દુલ્હનના પિતાનું આદર્શ પગલું : લગ્નમાં ભેટમા આવેલ રકમ હોસ્પિટલમાં દાન કરાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૪

જીવનમા ફક્ત એક જ વાર આ પ્રસંગ ઉજવાતો હોવાથી લગ્નમાં ધામધૂમથી લગ્ન કરાવી, અતિથિઓને ભોજન કરાવી સમાજમા મોભો જાળવી રાખવાનો પ્રયાસ કરવામા આવે છે, વસઈના એક પિતાએ હોસ્પિટલમાં લગ્નમા આવેલ બધી રકમમા વધારાની રકમ ઉમેરી હોસ્પીટલમા ગરીબોની સારવાર માટે દાનમાં આપી દીધી,છે. વસઈના વાઘોલી ગામના પીટર ફર્નાન્ડિઝની પુત્રી તાનિયાના લગ્ન માણિકપુરના માર્ક ડાબરે સાથે રવિવાર (૭ ફેબ્રુઆરી) ના રોજ સંબંધીઓની હાજરીમાં થયા હતા. જ્યારે તાનિયાના લગ્ન પ્રસંગે ભેટમા



આવેલ કવરો ખોલતા પાંચ લાખ રૂપિયા ભેગા થઈ ગયા હતા. રૂપિયા ૬ લાખનો ઉમેરો કરી, ૧૧ લાખ રૂપિયાનો ચેક, વસઈની કાર્ડિનલ ગ્રાસીસ હોસ્પિટલમાં ગરીબોની સહાય માટે આપ્યો હતો. પીટર ફર્નાન્ડિઝના પિતા શિક્ષક છે, તેનો ભાઈ પાદરી (ફાધર) છે અને તેમનો પરિવાર હંમેશા સામાજિક કાર્યમાં અગ્રેસર રહે છે. કોરોના ચેપને લીધે પીટરને ૨૦ ઓક્ટોબરના રોજ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. તે સમયે, ઘણા ગરીબ અને વંચિત લોકો હોસ્પિટલમાં આવી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, જો હોસ્પિટલને મદદ કરવામાં આવે તો તે આવા લોકોની સારવાર કરવામાં મદદ થશે તે હેતુ સાથે તેમણે પુત્રીના લગ્ન પ્રસંગે મળેલ ભેટ પેટે ૫ લાખ રૂપિયામા વધારાના છ લાખ ઉમેરીને ૧૧ લાખ રૂપિયાનો ચેક વસઈની કાર્ડિનલ ગ્રેસિયસ હોસ્પીટલને સહાય માટે આપ્યો છે. પીટર ફર્નાન્ડિઝે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે હોસ્પિટલમાં આવતા ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓની સહાય માટે હોસ્પિટલ ભંડોળનો ઉપયોગ કરી શકશે.

# મુંબઈ હાઈ પાસે રોહિણી બોટને આગ લાગી, ત્રણ ખલાસીઓ ગુમ થયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

મુંબઈ હાઈ નજીક 'રોહિણી' બોટને શનિવારે રાત્રે ૮.૫૦ વાગ્યે આગ લાગી હતી. આગ એટલી મોટી હતી કે એન્જિન રૂમમાં પણ આગ લાગી. ત્રણ ખલાસીઓ ગુમ થયા છે અને એક ગંભીર રીતે ઘાયલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈજાગ્રસ્ત નાવિકને ઓએનજીસીના હેલિકોપ્ટર દ્વારા મુંબઈ લઈ જવામાં આવ્યો હતો અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેમાંના કેટલાકને રોહિણીમાથી બીજી બોટ વડે બચાવવામા આવ્યા હતા. મુંબઈથી ૯૨ માઈલના અંતરે બોમ્બે હાઈ હેઠળ ઓએનજીસીમાં વિસ્તૃ



ત તેલનો કૂવો છે. તેલ કુવા પાસે કામ કરતી બોટ 'રોહિણી'મા શનિવારે આગ લાગી હતી. ત્યારબાદ બોટના ક્રૂએ કોસ્ટગાર્ડના વરલી કેન્દ્રમાં મદદ માટે અપીલ કરી. આ સમયે આલ્બટ્રોસ નામનું વેપારી જહાજ નજીકમાં હતુ.. કોસ્ટગાર્ડે તે જહાજને તાત્કાલિક સહાય માટે ઘટના સ્થળે જવા વિનંતી કરી હતી. આલ્બટ્રોસ નામનું વેપારી જહાજ વડે રોહિણી બોટને દોરડાની સહાયે સુરક્ષિત સ્થળે ખસેડવામા આવી હતી.દરમિયાન, કોસ્ટગાર્ડે રત્નાગિરીથી વિશેષ રિકોનિસન્સ વિમાન પણ ઉડાન ભરી હતી. વિમાન દ્વારા પરિસ્થિતિની જાણ વરલીમાં કેન્દ્રને કરવામાં આવી. તદનુસાર, કેન્દ્રએ 'પ્રિયા' નામની એક નાની બોટ શરૂ કરી. આ બોટે રોહિણીની બહાર ખાસ કૂલીંગ સિસ્ટમથી આગને કાબૂમાં લીધી. 'આઈસીજીએસ સમર્થ' નામની બોટને સ્થળ પર રવાના કરવામાં આવી હતી. આઈસીજીએસ સમર્થે શિપ પ્રિયા સાથે સંકલન કરીને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ રોહિણીનો આખો એંજિન રૂમ જ્વાળાઓમાં ભરાઈ ગયો હતો, જેથી ક્રૂને લાચાર છોડી દીધી હતી. પરિણામે, આઈસીજીએસ સમર્થના ફક્ત કોસ્ટગાર્ડના સૈનિકો દરિયામાં ગયા હતા. મોડી સાંજ સુધી આગ કાબૂમાં રાખવાના તેમના પ્રયત્નો ચાલુ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આગ કાબૂમાં લેવામાં આવી છે અને ગુમ થયેલ ખલાસીઓની શોધખોળ ચાલુ છે.

# બકરા ચોરી કરવા ઈનોવા કારનો ઉપયોગ પોલિસે હાયટેક ચોરોને લોકઅપ ભેગા કરાયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

વર્ધા શહેર પોલીસે બકરા ચોરી કરતા બે ચોરને પકડવામાં સફળતા મેળવી છે. વર્ધા પોલીસે આરોપીની નાગપુરથી ધરપકડ કરી છે. આ કેસમાં ઈનોવા કાર સહિત ૪ લાખ ૨૦ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. વર્ધા પોલીસ મથકે ૪ બકરાની ચોરીની ફરિયાદ મળી હતી



વર્ધાના મહેશ જયસ્વાલે તેના ૪ બકરાની ચોરીનો આરોપ લગાવતા વર્ધા સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ૨૯ જાન્યુઆરીએ આ ઘટના બની હતી. મહેશ જયસ્વાલ ૧૪ બકરા ચરાવવા તેના ઘરની નજીકના મેદાનમાં ગયો હતો. તે પછી, તેઓએ લગભગ સાંજે ૪.૩૦ વાગ્યે કામ કરવાનું શરૂ કર્યું અને બજારમાં જઈને સાંજે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે તેમને ૧૦ બકરા મળી આવ્યા. આ પછી મહેશ જયસ્વાલે ફરિયાદ કરી હતી કે ચાર બકરા ચોરાયા છે અને તેમની કિંમત ૨૫ હજાર છે. જે બાદ વર્ધા શહેર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. ગુનાની તપાસમાં વર્ધા શહેર પોલીસે પ્રાપ્ત કરેલી ગુપ્ત માહિતી મુજબ તેઓ આરોપીને પકડવા નાગપુર પહોંચ્યા હતા. આરોપી શુભમ કરાડે, નાગપુરનો રહેવાસી. ન્યુ થાવેર કોલોની જરીપટકા, નાગપુર અને પ્રણય બંસોડ, રા. એમ.આઈ.જી. વર્ધા પોલીસે ૪ લાખ રૂપિયાની જૂની ઈનોવા કાર અને બકરા ચોરી કરવા માટે વાપરવામા આવેલ રૂ. ૨૦,૦૦૦ નો મોબાઈલ ફોન કબજે કર્યો છે.

# વિક્રોલીમાં ૩.૬૦ કરોડની કિંમતના ૧૮૦૦ કિલો ગાંજા સાથે બે પકડાયા

## ભિવંડીના ગોડાઉનમાથી મુંબઈ, થાણે, પાલઘર, વસઈ-વિરાર, મિરારોડ સુરતમાં સપ્લાય

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૪

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) વિક્રોલીમા ટ્રકમા ભરીને લવાયેલો રૂ. ૩.૬૦ કરોડની કિંમતનો ૧,૮૦૦ કિલો ગાંજો પકડી પાડીને બે જણની ધરપકડ કરી હતી. ભિવંડીના ગોદામમાં રાખવામાં આવતો અને બાદમાં આરોપીઓ તેને મુંબઈ, થાણે, પાલઘર, વસઈ, વિરાર, મીરા રોડ, સુરતમાં સપ્લાય કરતા હતા,ગાંજો નારિયેળની આડ્મા ટ્રકમા ઓરિસ્સાથી ભિવંડી લઈ આવવામા આવતો હતો. એએનસીના ઘાટકોપર યુનિટે વિક્રોલી પૂર્વમાથી ધરપકડ કરેલા બંને આરોપીની ઓળખ આકાશ સુભાષ યાદવ (૨૫) અને દિનેશકુમાર સરોજ (૨૬)તરીકે થઈ હતી. ધરપકડ બાદ બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને પોલીસ કસ્ટડી ફટકારાઈ હતી. આરોપી આકાશ સુભાષ યાદવ સામે ગુજરાતના સુરતમાં ત્રણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે કહ્યું હતું.

એએનસીના ઘાટકોપર યુનિટે મળેલી માહિતીને આધારે શુક્રવારે (૧૨ ફેબ્રુઆરી)વિક્રોલી પૂર્વમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર એમએમઆરડીએના પૂલ નીચે બસસ્ટોપ નજીક છટકું ગોઠવીને ટ્રકને આંતરી હતી, જેમાંથી ૧,૮૦૦ કિલો ગાંજો મળી આવ્યા



બાદ બે જણની ધરપકડ કરાઈ હતી. પોલીસે રૂ. ૨૫ લાખની કિંમતની ટ્રક પણ જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.ટ્રક સહિત જપ્ત કરેલ માલની કિમત ૩ કરોડ ૮૫ લાખની થાય છે.

પકડેલ આરોપી આકાશ સુભાષ યાદવ વિરુધ્ધમા સૂરત શહેરમા ૩ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળે છે. જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) મિલિંદ ભારાંબેએ કહ્યું હતું કે પકડાયેલા આરોપીઓ ડ્રગ્સની તસ્કરી કરનારી આંતરરાજ્ય ટોળકીના સભ્યો હોઈ ટોળકીના મુખ્ય સૂત્રધારની ઓળખ ઓરિસ્સાના ગંજમ જિલ્લાના ભરામપુર ગામના લક્ષ્મીકાંત પ્રધાન તરીકે થઈ હતી આ ટોળકી નારિયેળની આડમાં ગાંજાની તસ્કરી કરતી હતી અને દર મહિને ચાર થી પાંચ ટન જેટલો ગાંજો મહારાષ્ટ્રમાં લાવીને વેચવામાં આવતો હતો.,એએનસીના અધિકારીઓએ છેલ્લા ચાર મહિનામાં ૩૨ કેસમાં રૂ. ૧૫ કરડોનું ડ્રગ્સ પકડી ૬૫ જણની ધરપકડ કરી હતી. પોલીસ હાલમાં આ કેસમાં સંદીપ સાત્પુતે અને લક્ષ્મી પ્રધાનની શોધ કરી રહી છે. સંદીપ સાતપુતે ભિવંડીમાં વેરહાઉસ ધરાવે છે અને થાણેના લુઈસ વાડી વિસ્તારમાં રહે છે. તે લગભગ પાંચ વર્ષથી આ રીતે ગાંજાનો સપ્લાય કરે છે. પ્રધાન આંધ્રપ્રદેશનો રહેવાસી છે અને નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં તેના નેટવર્કનો ઉપયોગ સાતપુટુ અને ત્યાંથી મોટી માત્રામાં ગાંજા પહોંચાડવા માટે કરે છે.

# જાલનામા કાર કૂવામા પડી જતા માતા-પુત્રીનું મોત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

જાલના જિલ્લાના જામવાડી શિવરામાં આજે ફરી એક કાર કુવામાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં એક માતા અને પુત્રીનું મોત નીપજ્યું હતું અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. બે દિવસમાં આ બીજી ઘટના બની છે જ્યારે કોઈ કાર કુવામાં પડી ગઈ છે.જાલના જામવાડી ખાતે એક કાર કુવામાં ટકરાઈ હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના બે સભ્યોનાં મોત નીપજ્યાં હતાં જ્યારે ત્રણ અન્ય લોકોની સારવાર ચાલી રહી છે. મૃતકોમાં માતા અને તેની ૩ વર્ષની પુત્રી શામેલ છે. મૃતકોની ઓળખ આરતી ફાંદડે અને માહી ફાંદડે તરીકે થઈ છે. સાડા ત્રણ વર્ષનો છોકરો, મૃતક મહિલાનો પતિ અને ડ્રાઈવરની સારવાર ચાલી રહી છે. આ પરિવાર વાશીમ જિલ્લાના સિંગડોહ ગામનો રહેવાસી છે. જ્યારે તે શેગાંવથી ઔરંગાબાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. આ જ કૂવામાં બે દિવસ પહેલા કાર અકસ્માતમાં બે લોકોનાં મોત નીપજ્યાં હતાં.આ જ કુવામાં આજે સવારે બીજી કાર અકસ્માત થતાં હંગામો મચી ગયો છે.

# વસઈ ખાડીના રેલ્વે બ્રીજના પિલર સાથે બાર્જ ટકરાતા નુકશાન

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

ભાયંદર-વસઈ વચ્ચે આવેલ ખાડીના રેલ્વે બ્રીજના એક પિલર સાથે શુકવારે મોડી રાત્રે એક બાર્જ (બોટ) ટકરાતા પિલરને ખાસુ નુકશાન થયુ હતુ,તેમજ બ્રીજને પણ નુકશાન થયુ હતુ.પોલિસે બોટના માલિક અને ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બોટને પરવાનગી અપાઈ હતી કે નહિ તેમજ મોડી રાત્રે તે કઈ રીતે અહીથી પસાર થઈ રહ્યુ હતુ તેની વિગતો મેળવાઈ રહી છે. ૨૦૧૪મા પણ અવી જ ઘટના બની હતી અને લાંબો સમય સુધીનો ટ્રાફિક બ્રીજ એક તરફ બંધ રાખવામા આવ્યો હતો. શુકવારે મધરાત બાદ ભાયંદર-વસઈની ખાડીના રેલ્વે અને ટ્રાફિક બ્રીજ આવેલા



છે, તેની નીચેથી એક વિશાળકાય બોટ પસાર થઈ રહી હતી,ત્યારે ઉપરના બ્રીજના નીચેના માળખા સાથે અથડાઈ હતી,જેને કારણે એક ફૂટ જેટલુ સિમેન્ટનું પિલર ઉખડી ગયુ હતુ.એટલું જ નહિ બાજુના નવા બ્રીજના અડધા ઉભા થયેલ પિલર સાથે ભટકાઈ હતી,જેને કારણે તે તૂટી અને પાણીમા પડ્યુ હતુ.આ ઘટનાને કારણે બોટ ફસાય ગઈ હતી.પોલિસને જાણ થતા તાત્કાલિક ઘટના સથળે આવી હતી. એક્સપર્ટની સાથે મળી પુળને થયેલા નુકશાનનો કયાસ કાઢ્યો હતો,જો કે આ બોટને અહીથી પસાર થવાની પરવાનગી અપાઈ હતી કે નહિ તેમજ આટલી મોડી રાત્રે તે શુ ભરી અહીથી પસાર થવાનુ હતુ તેની તપાસ થઈ રહી છે.૨૦૧૪મા પણ એક આવીજ ઘટના બનતા બ્રીજને નુકશાન થયુ હતુ અને લાંબો સમયસુધી સમારકામ માટે બંધ રાખવામા અવ્યો હતો.ભરતીના સમયે પણ અહી નજીકના કિનારા પર પાર્ક કરાયેલી બોટ તણાઈ અવે છે અને પિલર સાથે અથડાતા નુકસાની થાય છે.આ ઉપરાંત રેતી માફિયાઓ પણ રેતીનુ ગેરકાયદે ખનન કરતા હોવાને કારણે બ્રીજને નુકશાન થાય છે. માણિકપુર પોલીસે આ કેસમાં તપાસ કરીને બે આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપીઓની ઓળખ તુલસી મહાતો (૪૬) અને શિવચરણ મહાતો (૩૬) તરીકે થઈ છે અને વધુ તપાસ માણિકપુર પોલીસ ચલાવી રહી છે.

# નાશિકની જિલ્લા હોસ્પીટલમાંથી દોઢ વર્ષની બાળકીનું અપહરણ

## માતાએ બાળકીનું ધ્યાન રાખવાનુ કહેતા અપહરણકર્તા ઉપાડી ચાલતો થયો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

નાસિક જિલ્લા હોસ્પિટલમાંથી બાળકના અપહરણની ચોંકાવનારી ઘટના શનિવારે બપોરના સુમારે બની છે. સંગીતા ભોલા ગૌડને તેની બહેનની ડિલિવરી માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તો આ ઘટના તેમની સાથે બની છે.દોઢ વર્ષની બાળકી પ્રતિભા ગૌડે સૂઈ રહી હતી, તેની માતા તેની બાજુમાં બેસેલ અજાણી વ્યક્તિને બાળકીનું ધ્યાન રાખવાનું કહી પોતે રિપોર્ટ આપવા માટે અંદરના રૂમમાં ગઈ હતી. પરંતુ તે અજાણી વ્યક્તિ બાળકી ને તેના ખભા પર લઈ જઈ અને ભાગી ગઈ. હતી. બાળકીના અપહરણની ઘટના હોસ્પિટલમાં સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. ઘટનાની જાણ થતાં જ જિલ્લા હોસ્પિટલના વહીવટીતંત્રે પોલીસને જિલ્લા હોસ્પિટલમાં બોલાવી હતી અને હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ સોંપી દીધા હતા. સીસીટીવી ફૂટેજ મળ્યા બાદ પોલીસે હોસ્પિટલ, બસ સ્ટેન્ડ અને તે વિસ્તારમાં



ઈસ્માની શોધખોળ શરૂ કરી છે. અપહૃત બાળકીના સબંધીઓ સારવાર માટે સવારે જિલ્લા હોસ્પિટલમાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલના રેઢિયાળ કારભારને લઈને એડમિટ કરવામા વિલંબ થતા કમનસીબે આ ઘટના બની હતી. અપહૃત બાળકીના સબંધીઓએ આરોપ લગાવ્યો છે કે જો જિલ્લા હોસ્પિટલે સમયસર સારવાર માટે દાખલ કરી હોત તો આ ઘટના ન બની હોત. નસિબજોગે આજે નાસિક જિલ્લા હોસ્પિટલના સીસીટીવી કેમેરા ચાલુ હતા. તેથી તે તમામ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ છે.દરમિયાન આ સીસીટીવીના આધારે પોલીસ માટે બાળકીનું અપહરણ કરનાર ગુનેગારની શોધ કરવી એક મોટી પડકાર હશે.

# ઉત્તર ભારતીય સંઘમાં કેન્સરના દર્દીઓ માટે ૬૦ બેડની વ્યવસ્થા ધરાવતુ ગેસ્ટ હાઉસ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૪

મુંબઈમાં બહારથી આવતા કેન્સરના દર્દીઓની સારવાર માટે, ઉત્તર ભારતીય સંઘમાં ૬,૮૦૦ ચોરસ ફૂટમાં ૫૦ બેડની શયનગૃહ અને ૫ એસી રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. તેનું ઉદ્ઘાટન મે મહિનામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીમાં થશે. આ પછી સામાન્ય લોકો માટે આ સુવિધા શરૂ કરવામાં આવશે. આ સુવિધા શરૂ થતાં ઉત્તર ભારતથી આવતા કેન્સરના દર્દીઓને મોટી રાહત મળશે. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશના કેન્સરના દર્દીઓની સારવાર મુંબઈની ટાટા કેન્સર હોસ્પિટલમાં




કરવામાં આવે છે. તેણે અને તેના પરિવારજનોએ હોસ્પિટલની બહાર રસ્તાઓ પર રહેવુ પડે છે.. આવી સ્થિતિમાં, સંઘ પ્રમુખ અને ભાજપના ધારાસભ્ય આર.એન.સિંહે આ લોકો માટે ગેસ્ટ હાઉસ બનાવવાનું નક્કી કર્યું. તેને સાકાર થવા માટે બે વર્ષ થયા હોવાની માહિતી ઉત્તર ભારતીય સંઘના વિશેષ ટ્રસ્ટી સંતોષસિંહે આપી છે.. સંઘ ગેસ્ટ હાઉસની સુવિધા 'નો પ્રોફિટ, નો લોસ' પર ચલાવવામાં આવશે. દર્દીઓ અને તેમના સંબંધીઓને ખૂબ ઉપેક્ષિત દરે ગેસ્ટ હાઉસ અપાશે. સુવિધા આપવામાં આવશે. ગેસ્ટ હાઉસ બનવાથી મારા વર્ષોનું સપનું સાકાર થયું. તેની શરૂઆતથી ગરીબ અને જરૂરીયાતમંદોને સુવિધા મળશે. દર્દીઓની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમને નિઃ શુલ્ક રહેવાની સુવિધા આપવા પ્રયાસો કરવામાં આવશે. જો કે, અત્યારે ગેસ્ટ હાઉસના દરેક પલંગ માટે કેટલું ચાર્જ લેવામાં આવશે. તે સંઘની બેઠકમાં સુનિશ્ચિત થશે. આ ગેસ્ટ હાઉસની કિંમત ૩ કરોડ ૭૦ લાખ રૂપિયા છે. નોંધપાત્ર વાત એ છે કે, ઉત્તર ભારતના લોકો મોટી સંખ્યામાં ટાટા કેન્સર હોસ્પિટલ અને મુંબઈની અન્ય હોસ્પિટલોમાં સારવાર માટે આવે છે. આર્થિક મુશ્કેલીમાં જીવતા લોકોને રહેવા માટે ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. આ લોકોને મુશ્કેલીમાંથી બચાવવા માટે ઉત્તર ભારતીય સંઘે આ પગલું ભર્યું હતું.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૯૩ અને ચાંદીમાં રૂ.૧,૬૭૪નો ઉછાળો

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૪

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૫થી ૧૧ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં ઉછાળો આવ્યો હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૩ અને ચાંદી કિલોદીઠ રૂ.૧,૬૭૪ ઊછળ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓ પણ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો, જ્યારે નેચરલ ગેસમાં મામૂલી સુધારો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, રૂ (કોટન), સીપીઓ, રબરના વાયદા વધવા સામે મેન્થા તેલ નરમ રહ્યું હતું. દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો ફેબ્રુઆરી વાયદો ૧૪,૮૪૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૩૨૫ અને નીચામાં ૧૪,૮૦૧ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૫૨૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૭૯ પોઈન્ટ વધીને ૧૫,૦૪૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૪૮૩ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૭૨૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૭૭૪ પોઈન્ટ વધીને ૧૪,૧૯૦ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૮૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૮,૩૭૪ અને નીચામાં રૂ.૪૬,૮૦૬ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૯૩ના ઉછાળા સાથે રૂ.૪૭,૫૦૮ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭,૭૯૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૯૬ના ઉછાળા સાથે રૂ.૩૮,૦૧૫ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૬૭૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૧ વધી બંધમાં રૂ.૪,૭૨૬ના ભાવ થયા હતા. સોનાનો મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૭૯૦ના સ્તરે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૧૧ ઊછળી રૂ.૪૭,૩૭૭ બંધ થયો હતો. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૭,૨૧૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૦,૭૫૭ અને નીચામાં રૂ.૬૭,૨૦૫ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૬૭૪ના ઉછાળા સાથે રૂ.૬૮,૪૯૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૧૨૨ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૬૫૩ની તેજી સાથે રૂ.૬૮,૪૫૪ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૨૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૬૪૦ની તેજી સાથે બંધમાં રૂ.૬૮,૪૪૧ના ભાવ થયા હતા. બિનલોહ ધાતુઓમાં તાંબાનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે કિલોદીઠ રૂ.૪૦.૩૦ વધી રુ.૬૩૬.૮૫, નિકલ ફેબ્રુઆરી રૂ.૬૮.૪૦ વધી રૂ.૧,૩૫૦.૬૦, એલ્યુમિનિયમ ફેબ્રુઆરી રૂ.૫.૫૫ વધી રૂ.૧૬૭.૭૦ સીસું ફેબ્રુઆરી રૂ.૬.૦૫ વધી રૂ.૧૭૦.૬૫ અને જસત ફેબ્રુઆરી રૂ.૧૨.૪૦ વધી રૂ.૨૨૧.૮૫ના સ્તરે બંધ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૪,૧૩૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪,૨૯૩ અને નીચામાં રૂ.૪,૧૨૬ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૩૧ના ઉછાળા સાથે બંધમાં રૂ.૪,૨૪૧ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧ સુધરી રૂ.૨૦૯.૨૦ થયો હતો.

# ભોપાલમાં ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘની બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૪

ભારતીય આગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા તા-૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ ભોપાલ ખાતે રાષ્ટ્રીય કર્મચારીની બેઠક મળી જેમાં આગણવાડી કાર્યકર તેમજ હેલ્પર બહેનોના પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી જેમાં દરેક જિલ્લા મથકે કલેકટરશ્રી મારફતે માનનીય વડાપ્રધાન અને મુખ્યમંત્રીને આવેદનપત્ર તા ૧૫-૦૨-૨૦૨૧નારોજ મોકલવામાં આવશે જેમાં (૧) આગણવાડીમાં કામ કરતા કર્મચારીને સરકારી કર્મચારી જાહેર (૨) નવી શિક્ષણનીતિ અંતર્ગત દેશની તમામ આગણવાળી કેન્દ્રોને પ્રાથમિક પાઠશાળા તરીકે માન્યતા આપી કામકરતી કાર્યકરને પુર્વ પ્રાથમિક શિક્ષક અને હેલ્પરને પુર્વ પ્રાથમિક સહાયક શિક્ષિકા તરીકે હોદ્દો આપવામાં આવે તેમજ બીજા ઘણા પ્રશ્નો અમે આવેદનપત્રમાં સમાવવાના છીએ.

# માનવ કલ્યાણ મંડળ દ્વારા પદવીદાન સમારોહ યોજાયો

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૪

સમસ્ત પાટીદાર સમાજ, અને માનવ કલ્યાણ મંડળ, દ્વારા સમગ્ર ગુજરાતમાં સર્વ પ્રથમ વખત સૌરાષ્ટ્રભરના ૪૦ એગ્રો અગ્રણી ડીલરોને કેન્દ્ર સરકારના ખેતીવાડી ખાતાના મેનેજ-હૈદરાબાદ દ્વારા ચાલતા ડિપ્લોમા ઈન એગ્રીકલ્ચર એક્ષ્ટેન્સન સર્વિસ ફોર ઈનપુટ ડીલર કોર્સ કે જે, એનટીઆઇ માન્યતા પ્રાપ્ત માનવ કલ્યાણ મંડળ સંસ્થા દ્વારા આખું વર્ષ રાજકોટ ખાતે વર્ગ ચલાવવામાં આવેલ, આ તાલીમાર્થીઓની કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલ પરીક્ષામા પાસ થતા સંસ્થાએ સર્વોતમ સફળતા નું ૧૦૦% રિજલ્ટ આવેલ છે. આ તાલીમાર્થીઓને કૃષિ ડિપ્લોમા ડીગ્રી આપવાનો પદવીદાન સમારોહ યુની. રોડ, મુંજકા, સ્થિત સંસ્થાનાં 'બા'નું ઘર મહિલા વૃધ્ધાશ્રમ ખાતે યોજેલ હતો. આ પ્રસંગે સંસ્થાના ઈન્ટરનેશનલ



અધ્યક્ષ ગોવિંદભાઈ વરમોરા (શનહાર્ટ ગ્રુપ) એ પોતાના વક્તવ્યમાં કહ્યું કે આ પદવી ફક્ત લાયકાત નથી પણ તમારી જવાબદારી છે. ખેડૂતોને આપે મેળવેલ જ્ઞાન પીરસવાનો મોકો આ સંસ્થાએ તમને આપ્યો છે. ખેડૂતો પગભર થાશે તો જ આપણા દેશનો વિકાસ થાશે, હું અને અમારી આ સંસ્થા આપણા આ ખેડૂતોના ઉત્કર્ષમાટે હમેંશા તત્પર રહીશું સાથે શક્ય તેટલી મદદ કરવા પણ તેઓએ હાકલ કરી હતી. સંસ્થાના ઈન્ટરનેશનલ ઉપાધ્યક્ષ ચંદુભાઈ વિરાણી (બાલાજી વેફર્સ) એ પોતાના વક્તવ્યમાં કહ્યું કે અમારી આ સંસ્થા દ્વારા આપ ખેડૂતોનું સંગઠન કરી ઓરગેનીક અને સારી ક્વોલીટીનું ઉત્પાદન કરો જે અમો સારા ભાવથી ડાયરેક્ટ ખરીદી લેશું પણ અમારી સંસ્થા ત્યાં આવી ચેક કરશે કે આ ઉત્પાદન ખરેખર ઓરગનીક છે કે નહિ, અને જણાવેલ કે અમોએ ધાનેરા થી ડીસા સુધી અનેક ખેડૂતો પાસે હોલેન્ડ નાં બટાટા વાવડાવી વર્ષે ૬૦ હાજર ટન બજાર કીમતથી ઊંચા ભાવે ખરીદી કરીએ છીએ, અને તેમને નાની સાઈજનાં બટેકા કોઈ ખરીદાતું નહતું તેના માટે પણ અમોએ પાવડર પ્લાન્ટ ઉભો કરી તેની પણ ખરીદી કરીએ છીએ, આપ બધા સહકારી ખેતી કરો અને ડ્રીપ નો ઉપયોગ અને ગાય આધારિત ખેતી કરી સારામાં સારું ઉત્પાદન કરો તેવી દરેક ખેડૂતોને અપીલ કરી હતી. સંસ્થાના ચેરમેન મુકેશભાઈ મેરજાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે અમારી આ સંસ્થા ખેડૂતો માટે 'ખેડૂત ઉત્કર્ષ પ્રોજેક્ટ' દ્વારા ઓલ ઓવેર કેપેસિટી બિલ્ડીંગ નું કામ કરશે ગામડે ગામડે શિબિરો દ્વારા ઓછા ખર્ચે અને વધુમાં વધુ ઉત્પાદન માટેનું જ્ઞાન અને સાથે ડાયરેક્ટ સિટીમાં વેચાણ વ્યવસ્થા ઓરગેનીક મોલ ઉભો કરી કરી આપશે, સાથે સાથે આર્થિક, સામાજિક, સૈક્ષણીક, મુશ્કેલીઓ માટે પણ મદદરૂપ થાશે.

# પોલિસે રજા બાદ હાજર થવાના દિવસે પોતાના પર ફાયરીંગ કરી આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૪

નવી મુંબઈના એપીએમસી પોલીસ સ્ટેશનમાં પહેલા દિવસે આવેલા એક પોલીસ અધિકારીએ (એપીઆઇ) પોતાના માથામાં ગોળી મારીને આત્મહત્યા કર્યાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આજે સવારે નવી મુંબઈના એપીએમસી પોલીસ સ્ટેશનમાં આ ઘટના બની હતી. આ અધિકારીનું નામ ભૂષણ પવાર છે. ભૂષણ પવાર સહાયક પોલીસ નિરીક્ષક (એપીઆઇ) તરીકે એપીએમસી પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતા. છેલ્લા બે મહિનાથી તે રજા પર હતો.. બે મહિનાની રજા પૂરી કર્યા બાદ આજે તે ફરજ પર હતો. ત્યારબાદ તે પૂછપરછની રૂમમાં ગયો હતો અને ત્યાં તેણે પોતાના પર પિસ્તોલથી ગોળી મારીને આત્મહત્યા કરી હતી. આ ઘટનાને પગલે પોલીસ મથકમાં હંગામો



મચી ગયો હતો. ભૂષણ પવાર ખૂબ જ મિલનસાર સ્વભાવનો હતો. કોઈને શંકા નહોતી કે તે આત્મહત્યા કરશે. જોકે, આજે પોલીસ સ્ટેશનમાં રજૂ થયા બાદ તેણે પોતાની જાતે પોતાના પર ગોળી મારી હતી. તેમના દ્વારા લેવામાં આવેલ આ આત્યંતિક પગલું તેના સાથીદારો માટે મોટો આંચકો લાગ્યો છે. ભૂષણ પવારે શા માટે આત્મહત્યા કરી તે કારણ હજી બહાર આવ્યું નથી. એપીએમસી પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# મહિસાગરમાં ચૂંટણી નિરીક્ષક દ્વારા નોડેલ અધિકારીઓની બેઠક બોલાવાઈ

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૪

ગાંધીનગર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડીરેકટર અને મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૧ના ચૂંટણી નિરીક્ષક જી. પી. બ્રહ્મભટ્ટના અધયક્ષસ્થાને મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ના સરળ સંચાલન માટે રચવામાં આવેલ વિવિધ કમિટિઓના નોડલ અધિકારીઓ સાથે મહીસાગર-લુણાવાડા ખાતે કલેકટર કાર્યાલય ખાતે બેઠક યોજાઇ હતી.



આ બેઠકમાં બ્રહ્મભટ્ટે વિવિધ કમિટિઓના નોડલ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતોની જાણકારી મેળવી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બ્રહ્મભટ્ટે ખાસ કરીને મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત કરવામાં આવેલ કામગીરી સહિત કાયદો-વ્યવસ્થા, ઈ.વી. એમ., કોવિડ-૧૯ અંતર્ગત સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કરવામાં આવનાર કામગીરીની વિગતો મેળવી હતી. બેઠકમાં ઉપસ્થિત નોડલ અધિકારીઓને જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે સહભાગી થવાનો અનુરોધ કર્યો હતો. આ બેકઠમાં રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી કલેકટર આર. આર. ઠકકર સહિત વિવિધ ૧૮ કમિટિઓના નોડલ અધિકારીઓ ઉપસથિત રહ્યા હતા.

# બોટાદમાં રીન્કુ શર્માના ન્યાય માટે કલેક્ટરને આવેદન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૪

દિલ્હીમાં જે મુસ્લિમ જેહાદીઓ દ્વારા શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર નીધિ કાર્યક્રમમાં એક બજરંગદળના કાર્યકર્તા રિંકુ શર્મા ની નિર્મમ હત્યા કરવામાં આવેલ તેના વિરોધમાં આજરોજ સમગ્ર દેશ ભરના જિલ્લા મથકો અને તાલુકા મથકોએ આવેદનપત્ર આપેલ તેના ભાગરૂપે આજ રોજ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ કાર્યકર્તા દ્વારા બોટાદ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવેલ અને આ જેહાદીઓને કડકમાં કડક સજા કરી અને રીન્કુ શર્માને ન્યાય મળે તે રજૂઆત કરવામાં આવેલ.

# જૂનાગઢ જિલ્લાના ગામોમાં દિલ્હી આપના ધારાસભ્ય રાજેશ ગુપ્તા, ઉમેદવાર કાર્યકર્તાનો ડોર ટુ ડોર પ્રચાર

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૪

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયું છે.ત્યારે ભાજપ કોંગ્રેસ ને પછાડવા મજેવડી ,ગોલાધર સીટ પરના ઉમેદવાર અને સરપંચને આમ આદમી પાર્ટી દ્વારા ટિકીટ આપવામાં આવી છે. અને આમ આદમી પાર્ટી ગામે ગામ જઈ ડોર ટુ ડોર જઈ લોકોને વાસ્તવિકતાથી વાકેફ કરી રહ્યા છે. અને લોકોના પ્રશ્નો સાંભળી રહ્યા છે.આમ આદમી પાર્ટી દિલ્લી થી પ્રચાર મા આવેલાં ધારાસભ્ય રાજેશ ગુપ્તાએ આ બાબતે ખાસ જણાવ્યું હતું કે લોકોને મજબૂત મનોબળ અને કામ કરનાર વ્યક્તિ સત્તા મા જોઈએ છે. ભાજપની સરકારે અત્યાર સુધી માત્ર વાયદાઓ કરી વચનો આપી લોકોને લોલીપોપ જ આપ્યા છે. બીજી તરફ દિલ્લીની વાત



કરતા જણાવ્યું હતું કે દિલ્લીમા સ્ત્રીની સુરક્ષા અને બીજા કોઈ અણબનાવ ના બને માટે સીસિટીવી, યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે સારું શિક્ષણ અને સારી સ્કુલો ખેડૂતોને એકર દીઠ પચાસ હજાર રૂપિયા આપ્યા છે અમારિ દિલ્લીની કેજરીવાલ સરકારે ત્યારે બીજી તરફ ઉમેદવાર જીગ્નેશ હીરપરા એ પણ જણાવ્યું હતું કે અમારા પક્ષ 'આપ'ના ધારાસભ્યને કોઈ કમાન્ડોની જરૂર નથી તે નાના માણસો વચ્ચે ગામે ત્યારે કોઈ પણ સિક્યુરિટી વિના આવી બધાને સમજી શકે છે. કારણ કે જે સરકાર ભ્રષ્ટાચાર કરે તેમના દુશ્મનો હોય અને એમને કમાન્ડની જરૂર પડે આવનાર દિવસો માં પ્રજાના કામ કરી આમ આદમી પાર્ટી પૂરા ગુજરાતમાં સત્તામા આવશે. ભાજપ અને કોંગ્રેસથી ત્રાહિમામ પોકારી લોકોને પોતાના કામ થાય બસ એજ જોતું છે.

# સેનાનીતાકાતમાંવધારો:૧૧૮ હાઈટેક અર્જુન ટેન્ક સામેલશ્ર

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં તેમણે ૧૧૮ હાઈટેક અર્જુન ટેક્ (સ્દ્ર-૧૭) સેનાને સોંપી છે. આ પ્રસંગે વડાપ્રધાને સલામી પણ આપી હતી. આ દરમિયાન આર્મી ચીફ એમ.એમ. નરવણે પણ હાજર રહ્યા હતા. આ ટેક્ને **DRDO**એ ૮૪૦૦ કરોડના ખર્ચે તૈયાર કરી છે. પીએમ મોદીએ તમિલનાડુમાં ૩,૭૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ચેન્નઈ મેટ્રો રેલ ફેજ-૧ એકસટેંશનનું ઉદઘાટન કર્યું. પીએમ મોદીએ ચેન્નઈ અને અટિપટ્ટૂ વચ્ચે ચોથી રેલ લાઈનનું ઉદ્ધાટન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ પુલવામાં હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપી હતી. મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતુ કે આજનો દિવસ કોઈ ભારતીય ભૂલી શકે નહીં. આજથી બે વર્ષ પહેલાં આજના જ દિવસે પુલવામામાં હુમલો થયો હતો. અમે તે બધા શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ જેમણે તે હુમલામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. અમને આપણા સુરક્ષા દળો પર ગર્વ છે. તેમની હિંમત આવનારી પેઢીઓને પ્રેરણા આપશે. આજે મેં દેશમાં બનાવેલ અને ડિઝાઈન કરેલી અર્જુન મેન બેટલ ટેક્ને સોંપી છે.

# મોટીબાણુગાર હાઈસ્કૂલમાં એડિસન જયંતીની ઉજવણી



ચક્રવાત ટીમ મોટી બાણુગાર, તા.૧૪

શ્રી પટેલ ભીમજી ડાયભાઈ બાલેશ્વર વિનય મંદિર ખાતે તાજેતરમાં વૈજ્ઞાનિક થોમસ અલવા એડિસનની ૧૭૪મી જયંતી કરવામાં આવી. હજારો શોધોના જનક સને ૧૮૯૬માં હજારમાં પ્રયત્ને વીજળીના ગોળાથી ન્યુયોર્કને પ્રકાશીત કરનાર મહાન વૈજ્ઞાનિક એડિસનની સિધ્ધીઓ અંગે હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય ભગવાનજીભાઈ કાનાણીએ (પ્રિન્સીપાલ-શ્રી ઉમિયાજી મહિલા કોલેજ-ધ્રોલ) ઉત્કૃષ્ટ પ્રવચન આપેલ. પ્રવચનની સાથે સાથે પ્રશ્નોતરી (ક્વીઝ) પણ રાખવામાં આવેલ. મોટીબાણુગાર હાઈસ્કૂલના આચાર્ય કેશવજીભાઈ ઘેટિયાએ (શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પ્રાપ્ત કરનાર) પ્રાસંગીક પ્રવચન આપી આભાર દર્શન કરેલ. ક્વીઝના જવાબ આપનાર વિદ્યાર્થીઓનું પુસ્તિકાઓથી સન્માન કરવામાં આવ્યું.

# બાલંભા બેઠક કોંગ્રેસમાંથી રમાબેન સવાણીએ નોંધાવી ઉમેદવારી



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૪

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જોડિયા તાલુકા પંચાયતની ૧૬ બેઠક પર ઉમેદવારી ફોર્મ નોંધાવવા માટે આજરોજ ભાજપ કોંગ્રેસના મૂરતિયાઓએ દ્વારા સાથી ટેકેદારો સાથે જોડિયા તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે લાંબી લાઈનો લાગી હતી.

બાલંભા બેઠકના સામાન્ય સ્ત્રી અનામત બેઠકને લઈને ભાજપ-કોંગ્રેસનાં મહિલા ઉમેદવારી નોંધાવવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા રમાબેન બેચરભાઈ સવાણીનેનું નામ જાહેર કરવામાં આવ્યું હતું રમાબેન સાથે બાલંભા ગામના સમાજના અગ્રણીઓ યુવાનો તેમજ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલા સર્વે જ્ઞાતિના ભાઈઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રખ્યાત કોમેડિયન જોની લીવર વાંકાનેર પેલેસની મુલાકાતે



ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ(બોલીવુડ)ના પ્રખ્યાત કોમડી કલાકાર જોની લીવર શનિવારે વાંકાનેર રાજ પેલેસની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. જે દરમિયાન વાંકાનેર યુવરાજ કેશરીદેવસિંહજી ઝાલા સાથેની મુલાકાત સમયની યાદગાર તસ્વીર.

# અંબાજી કોટેશ્વરના રોડમાં ભ્રષ્ટાચાર મામલે જિલ્લા કલેકટરને રજૂઆત



ચક્રવાત ટીમ બનાસકાંઠા, તા.૧૪

બનાસકાંઠા જિલ્લાનો છેવાડાનો એવો દાંતા તાલુકો આ તાલુકો અંતરિયાળ વિસ્તારમાં આવતો હોય અને રાજસ્થાન બોર્ડરને અડીને હોય ત્યારે બોર્ડર વિલેજ ની કામગીરી ને લઈ આ તાલુકામાં અવારનવાર માર્ગની કામગીરી કરવા માં આવતી હોય છે ત્યારે સરકાર દ્વારા અનેક ગ્રાન્ટો આ તાલુકાની અંદર ફાળવવા માં આવતી હોય છે ત્યારે હાલમાં અંબાજી નજીક આવેલ કોટેશ્વર ખાતે મહાદેવજી ના મંદિર સુધી જવાના માર્ગ ને બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે તે કામગીરી ની અંદર મસ મોટો ભ્રષ્ટાચાર કોન્ટ્રાક્ટરો દ્વારા આચર્યો હોવાનો મામલો હાલ ચર્ચાસ્પદ બન્યો છે કોન્ટ્રાક્ટર દ્વારા સરકારના પૈસા ખોટી રીતે પચાવી પાડવાની કામગીરી કરવામાં આવતી હોવાની લોક મુખે ચર્ચા વહેતી થઈ છે વાત કરવામાં આવે કે દાંતા તાલુકા પંચાયતના સદસ્ય વિજયભાઈ દેસાઈ દ્વારા કોન્ટ્રાક્ટર પર અનેક આક્ષેપો કરવામાં આવ્યા છે કોન્ટ્રાક્ટર દ્વારા જે માર્ગ બનાવવામાં આવી રહ્યો છે તે માર્ગ ની અંદર મેટલ પણ નાખવામાં આવી નથી અને જેમતેમ કાગળિયા પર કામ કરી બતાવવાની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ફરી એકવાર આ જ ઘટના પર ઘટસ્ફોટ થયો છે.

## મહેમદાવાદ ખાતે કરણીસેના આવેદનપત્ર



ચક્રવાત ટીમ મહેમદાવાદ, તા.૧૪

મહેમદાવાદમાં મામલતદાર કચેરી ખાતે કરનીસેના તાલુકા પ્રમુખ પીન્ટુભાઈ ઝાલાએ કચ્છ (મુન્દ્રા )પોલીસ દ્વારા ખોટી રીતે થર્ડ ડિગ્રી આપી ટોચર કરવાથી બે યુવાનોના મૃત્યુ નીપજેલ જે બદલ દોષી પોલીસ કર્મીઓ વિરુદ્ધ કાયદાકીય કર્યવાહી કરવા બાબત આજ રોજ મેહમદાવાદ તાલુકા મામલતદાર ખાતે કરનીસેનાએ આવેદનપત્ર આપવામાં આવ્યું.

# જૂનાગઢમાં ચૂંટણી અંતર્ગત પોલીસનનું ફૂટ પેટ્રોલિંગ

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ રેન્જના ડીઆઈજી શ્રી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તાજેતરમાં યોજાનાર તાલુકા/જિલ્લા પંચાયત ચૂંટણી તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની પેટા ચૂંટણી શાંતિપૂર્વક માહોલમાં યોજાય તે માટે વાહન ચેકીંગ, હથિયારધારાના કેસો, પ્રોહીબિશનના કેસો, અટકાયતી પગલાઓ, પરવાના વાળા હથિયાર જમા કરાવવા વિગેરે સંબંધી કામગીરી કરવા ખાસ ઝુંબેશ રાખી, કાર્યવાહી કરવા જિલ્લાના તમામ થાણા અમલદારો તથા પોલીસ ઓફિસરને સૂચનાઓ કરવામાં આવેલ હતી.



તાલુકા/જિલ્લા પંચાયત ચૂંટણી તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની પેટા ચૂંટણી અનુસંધાને જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીમાં અસામાજિક તત્વો દ્વારા કોઈ ગરબડી કરવામાં ના આવે તેમજ ચૂંટણી નિર્ભયતા ભર્યા વાતાવરણમાં શાંતિના માહોલ વચ્ચે યોજાય તે માટે કાર્યવાહી કરવા માટે આપેલ સૂચના આધારે તેમજ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જાતે સમગ્ર વિસ્તારની વિઝીટ કરી,જૂનાગઢ શહેરના વિસ્તારોમાં જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર એ ડિવિઝનના પીઆઈ આર.જી.ચૌધરી, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.આઈ.ભાટી, એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે. ઉંજીયા, પીએસઆઈ વી.જે.ચાવડા, સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જે.બોદર તથા પોલીસ સ્ટાફ દ્વારા જિલ્લા પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં તબદીલ કરી દેવામાં આવેલ હતી.

# મોરબીમાં સરકારી જમીન પચાવવાના ગુન્હામાં કુખ્યાત દાવલાની ધરપકડ

ચક્રવાત ટીમ મોરબી, તા.૧૪

મોરબીના કાલિકા પ્લોટનો કુખ્યાત શખ્શ દાવલો અનેક ગુન્હામાં સંડોવાયેલ હોય તેની સામે અનેક ગુનાઓ નોંધાયા છે જેમાં આ એક વધુ પણ આકરા કાયદા હેઠળ નો ગુનો પોલીસે નોંધ્યો છે. દાવલા વીરૂધ્ધ પશુપાલન વિભાગે સરકારી જમીન પચાવી પાડવા સબબ લેન્ડ ગ્રેવિંગની ફરિયાદ નોંધાવી છે જે ફરિયાદને પગલે પોલીસે આરોપીને દબોચી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબીના પશુપાલન વિભાગમાં નાયબ મામદભાઈ પલેજા ઉર્ફે દાવલો એક સામાન્ય ટપોરી હતો અને નાના ગુન્હા કરતો ત્યારે પોલીસ જરૂરી કાર્યવાહી કરતી ત્યાર બાદ થોડા સમય સાવ ભુગર્ભમાં ઉતરી ગયો હતો. અને ફરી ગુન્હેગારની દુનિયામાં સક્રિય



થયો છે. રવાપર સીમમાં સરકારી જમીન હડપ કરવાનો કારસો કર્યા હતો પણ લેન્ડ ગ્રેબિગ કાયદા પહેલાનાં ગુન્હા હોય થોડા સમય માં જામીનગીરી કરાવી છૂટી જતાં. પણ આ ગુન્હો લેન્ડ ગ્રેબિગ કાયદા હેઠળ નોંધાયો છે. પ્રાપ્ત થયેલી વિગત મુજબ પશુપાલન નિયામક તરીકે ફરજ બજાવતા નરેશભાઈ જીવાભાઈ કાસુન્દ્રા એ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી કે તેમના વિભાગને ત્રાજપર ગામના સરકારી સર્વે નબર ૨૮/૧ પેકી ૨ ઘેટા સંવર્ધન ફાર્મ માટે ફાળવવામાં આવી હતી જે જગ્યા પર ટીમે તપાસ કરતા કાલિકા પ્લોટમાં રહેતો અનેક ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ ઈસમ દાઉદભાઈ મહમદભાઈ પલેજા દ્વારા ત્યાં ૭ દુકાનો બનાવી તેમાંથી ચાર દુકાનો ભાડે આપી દેવામાં આવી હતી જેમાં એક હિન્દ હોટલ, પાન મસાલાની દુકાન, પચરની દુકાન , ટ્રાન્સપોર્ટની ઓફીસ અને ૨ દુકાનોં ખાલી આ ચાર દુકાનો ભાડે આપી તેનું ભાડું પણ લેતો હતો. જે અંગે પશુપાલન વિભાગે દુકાનો ખાલી કરવા નોટીસ આપી હોવા છતાં તેનો અમલ કર્યો ના હોય જેથી જમીન પચાવી પાડવાના ગુન્હા સબબ ફરિયાદ નોંધાઈ હતી.

અશ્વિને પ્રથમ ઇનિંગ્સમાં ૫ વિકેટ ઝડપી, ડેબ્યૂ બોય અક્ષર પટેલે બે,ઇશાંતે બે અને સિરાજે ૧ વિકેટ ઝડપી

# ચેપુકમાં ભારતનો દબદબો : ૧૩૪માં ઈંગ્લેન્ડનું ફિંડલું

(જી.એન.એસ)ચેન્નાઇ,તા.૧૪

ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ રમાઈ રહી છે. જેમાં બીજા દિવસની રમત દરમિયાન ભારતીય સ્પિન બોલિંગ આક્રમણના તરખાટની સામે ઈંગ્લેન્ડનું બેટિંગ આક્રમણ ધરાશાયી થઈ ગયું છે. ઈંગ્લેન્ડની ટીમ પહેલી ઈનિંગ્સમાં ૫૯.૫ ઓવરમાં ૧૩૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ છે. આ સાથે જ ભારતીય ટીમને પ્રથમ ઈનિંગ્સમાં ૧૯૫ રનની લીડ મળી ગઈ છે.

બીજા દિવસના અંતે ભારતે એક વિકેટ ગુમાવી ૫૪ રન કર્યા છે. આ સાથે જ કુલ લીડ ૨૪૯ રનની થઈ છે. રોહિત શર્મા ૨૫ રને તો પૂજારા ૭ રને રમતમાં છે.

ભારત માટે રવિચંદ્રન અશ્વિને સૌથી સારી બોલિંગ કરતા ૨૩.૫ ઓવરમાં ૪૩ રન આપીને ૫ વિકેટ લીધી હતી. જ્યારે અક્ષર પટેલે પણ ૨૦ ઓવરમાં ૪૦ રન આપીને ૨ વિકેટ અને ઈશાંત શર્માએ ૫ ઓવરમાં ૨૨ રન આપીને ૨ વિકેટ લીધી હતી. અને મોહમ્મદ સિરાજે ૫ ઓવરમાં ૫ રન આપીને ૧ સફળતા મેળવી હતી. ઈંગ્લેન્ડ માટે બેન ફ્લોક્સે અણનમ ૪૨ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. જ્યારે ઓલી પોપે ૨૨ તથા બેન સ્ટોક્સે ૧૮ રન બનાવ્યા હતા. પહેલી ટેસ્ટના હિરો જો રૂટ માત્ર



૬ રન બનાવીને અક્ષર પટેલનો શિકાર બન્યો હતો.

બીજી દિવસની રમતની શરૂઆત ભારતીય ટીમે ૬ વિકેટના નુકસાને ૩૦૦ રનથી કરી હતી. જોકે ભારતની શરૂઆત સારી નહોતી રહી અને તમામ ખેલાડીઓ મળીને ૨૯ રન જ વધારે ઉમેરી શક્યા હતા. જેમાં રિષભ પંતે ૫૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જ્યારે પહેલા દિવસની રમત દરમિયાન રોહિત શર્માએ ૧૬૧ અને અજિંક્ય રહાણેએ ૬૭ રનની ઈનિંગ્સ રમી હતી. આમ ભારતનો સ્કોર ૯૫.૫ ઓવરમાં ૩૨૯ થયો હતો.

ટેસ્ટ સીરિઝની વાત કરીએ તો ઈંગ્લેન્ડની ટીમ પહેલાથી જ ૧ ટેસ્ટ જીતીને સીરિઝમાં ૧-૦થી લીડ મેળવી ચૂકી છે. એવામાં ભારતીય ટીમને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવા માટે બાકીની ૩ અથવા ઓછામાં ઓછી ૨ ટેસ્ટ મેચ જીતવી જરૂરી છે. જ્યારે ઈંગ્લેન્ડને આ માટે ૩ અથવા ૪ ટેસ્ટ મેચો જીતવાની જરૂર છે. આગામી બંને ટેસ્ટ મેચ હવે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં રમાશે. જેમાંથી એક ટેસ્ટ પિંક બોલ પર ડે-નાઈટમાં રમાશે.

# ભારતીય ખેલાડીઓ ૩૦ ઈનીંગ્સમાં માત્ર ત્રણ વાર કરે છે ૫૦ રનની પાર્ટનરશીપ

નવી દિલ્હી,તા.૧૪

ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડ સામે એન્થોની ડિમેલો ટ્રોફીમાં એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં બીજી ટેસ્ટમાં જોરદાર વાપસીની અપેક્ષા છે. ટીમ માટે ઓપનિંગ સૌથી મોટી સમસ્યા છે. છેલ્લી ૩૦ ઈનિંગ્સમાં ઓપનિંગ જોડીએ માત્ર ૩ વખત ૫૦+ની ભાગીદારી કરી છે. ૩૦ ઈનિંગ્સમાં ઓપનિંગ જોડીએ ૮૯૬ રન બનાવ્યા છે. ટીમ લાઈન-અપમાં ફેરફારની સંભાવના છે. ડાબોડી સ્પિનર અક્ષર પટેલના ટેસ્ટ ડેબ્યુની તક ખૂલી છે. જોકે, કુલદીપ યાદવને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળવું જોઈએ. તેને



સિરાજ, ઈશાંત કે બુમરાહના સ્થાને સામેલ કરી શકાય છે.

ઈંગ્લેન્ડે પોતાના સંભવિત ૧૨ ખેલાડી જાહેર કર્યા છે. જેમાં એન્ડરસન, બેઝ, આર્ચરને બહાર કરી દેવાયા છે. એ જેવું રસપ્રદ રહેશે કે, પરિવર્તનની ઈંગ્લેન્ડના નસીબ પર કેવી અસર થાય છે. મેચમાં પરાજય ભારતને ટેસ્ટ ચેમ્પિયનશિપમાંથી બહાર કરી દેશે.

અજિંક્ય રહાણેએ ઘર આંગણે રમેલી ૪૪ ઈનિંગ્સમાં ૩૭ની સરેરાશથી ૧૪૪૯ રન બનાવ્યા છે. વિદેશમાં ૭૫ ઈનિંગ્સમાં ૪૪ની સરેરાશથી ૨૯૭૮ રન બનાવ્યા છે. તેના પર્સનલ બેટિંગ કોચ પ્રવીણ આમરેને રહાણેની વાપસીની અપેક્ષા છે. તેમણે કહ્યું, 'રહાણે લાંબા સમયથી ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. દ.આફ્રિકા વિરુદ્ધ બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ઈન્દોરમાં કારકિર્દીનો મોટો સ્કોર બનાવ્યો હતો.'

# સાઉથ આફ્રિકાના ક્રિકેટર રાબડાએ પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે કરી વાતચીત

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૩

૧ ફેબ્રુઆરીના રોજ પારુલ યુનિવર્સિટીનો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો વર્ચ્યુઅલ પદવીદાન સમારંભ યોજાયો હતો. મોટા ભાગના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સાઉથ આફ્રિકાના હતા અને તેમની મનગમતા ક્રિકેટ એથ્લીટ કાગિસો રબાડા સાથે રૂબરૂ થવા મળ્યું તેનાથી આશ્ચર્યમાં મુકાયા હતા. રબાડાએ વડોદરાની પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહન સંદેશ આપ્યો, જ્યાં તેણે વિદ્યાર્થીઓને સ્નાતક થવા માટે અભિનંદન આપ્યા હતા અને તેમના ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી.



તેણે કહ્યું, આ વર્ષ બહુ કપરું રહ્યું છે અને મને આશા છે કે આ પળથી તમારા જીવનમાં અમુક સ્થિતિસ્થાપકતા અને કટિબદ્ધતા આવે.

તમને વધુ નહીં તો પણ સફળતા મળી રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. રેડ બુલ એથ્લીટ કાગિસો રબાડા સાઉથ આફ્રિકન આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે. તેણે નવેમ્બર ૨૦૧૪માં લિમિટેડ ઓવરની ક્રિકેટમાં સાઉથ આફ્રિકન ટીમમાંથી પદાર્પણ કર્યું હતું. જાન્યુઆરી ૨૦૧૮ સુધી તેણે આઈસીસી ઓડીઆઈ બોલર રેન્કિંગ અને આઈસીસી ટેસ્ટ બોલર રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

# દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનો ૨૩મી ફેબ્રુઆરીએ થશે ભવ્ય ઉદઘાટન કાર્યક્રમ

## રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહે તેવી સંભાવના

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૩

અમદાવાદના મોટેરા ખાતે નવા બનેલા દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ૨૪મી ફેબ્રુઆરીથી પહેલી ઈન્ટરનેશનલ મેચ ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાવવા જઈ રહી છે, ત્યારે આ નવનિર્મિત મોટેરા સ્ટેડિયમનો ભવ્ય ભવ્યાતિ ઉદઘાટન કાર્યક્રમ ૨૩મી ફેબ્રુઆરીના રોજ સાંજે મોટેરા સ્ટેડિયમ



ગ્રાઉન્ડમાં યોજાશે. આ ઉદઘાટન કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આવે એવી પૂરી શક્યતાઓ છે જેમનો કાર્યક્રમ એક- બે દિવસમાં નક્કી થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી શકે છે. ઉદઘાટન કાર્યક્રમ અને મેચમાં સુરક્ષા વ્યવસ્થાને લઈ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં ૧ લાખ લોકોના બેસવાની કેપેસિટી છે, પરંતુ કોરોનાને કારણે ૫૦ ટકા એટલે કે ૫૦ હજાર લોકો જ સ્ટેડિયમમાં બેસી મેચ જોઈ શકશે. નવનિર્મિત મોટેરા સ્ટેડિયમમાં મેચમાં સુરક્ષાને લઈ તૈયારી શરૂ કરી દેવાઈ છે. થ્રી લેયર સિક્યોરિટી ગોઠવવામાં આવશે.

ગેટમાંથી પ્રવેશ વખતે મેટલ-ડિટેકટરથી ચેકિંગ કરવામાં આવશે. ટિકિટ ચેક કરતી વખતે પણ ચેક કરવામાં આવશે. સ્ટેડિયમમાં લોકોની વચ્ચે ખાનગી ડ્રેસમાં પોલીસ મૂકવામાં આવશે. મોબાઈલ અને પાકીટ સિવાય અન્ય કોઈ વસ્તુ સ્ટેડિયમમાં લાવવા પર મનાઈ ફરમાવવામાં આવશે. સ્ટેડિયમમાં લોકોને મુખ્ય ગેટ એટલે સાબરમતી તરફના ગેટથી પ્રવેશ આપવામાં આવશે.

# રોહીતની સદીના ભરપેટ વખાણ કરતો માઈકલ

(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૧૪

ચેન્નાઈના ચેપક મેદાન પર રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં ભારતીય ટીમ દમદાર રમત બતાવી છે. ભારતે પ્રથમ ઈનિંગમાં ૩૨૯ રન બનાવી દીધા. આમાં મોટો ફાળો હિટમેન રોહિત શર્માનો રહ્યો. રોહિતે જોરદાર વાપસી કરતા ૧૬૧ રનની શતકીય ઈનિંગ રમી હતી. ઓપનરની આ ઈનિંગની ચારેય બાજુ પ્રસંશા થઈ રહી છે. પ્રથમ બેટિંગ ઈનિંગમાં બેટિંગ કરવા ઉતરેલા રોહિત શર્માએ ઈંગ્લેન્ડના બૉલરોને ચારેબાજુ ફટકારતા ૧૬૧ રન બનાવ્યા, આ ઈનિંગની પૂર્વ ક્રિકેટરોની સાથે સાથે પૂર્વ ઈંગ્લિશ કેપ્ટન માઈકલ વૉને પણ રોહિત શર્માની પ્રસંશા કરીને ખુશી વ્યક્ત કરી હતી.

# કિસ કરીને રશ્મિ દેસાઈને થયો હતો જોરદાર અફસોસ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

અભિનેત્રી રશ્મિ દેસાઈ તેની બોલ્ડનેસ અને શાનદાર સ્ટાઈલ માટે જાણીતી છે. ટીવીની સૌથી વધુ પૈસા મેળવનારી અભિનેત્રીઓમાં સામેલ રશ્મિ દેસાઈ આજે પોતાનો ૩૫મો જન્મદિવસ મનાવી રહી છે. રશ્મિ ઘણા વિવાદોમાં ફસાઈ ચૂકી છે અને તે ઘણી વખત ચર્ચામાં આવી છે. આ વાત છે રશ્મિ દેસાઈ અને સિદ્ધાર્થ શુક્લાની કે જેનો એક વીડિયો ઈન્ટરનેટ પર સનસની મચાવી રહ્યો હતો. રશ્મિ દેસાઈ અને સિદ્ધાર્થ શુક્લાના એક કિસિંગ વીડિયોએ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી હતી અને તે ચર્ચામાં આવી હતી. પરંતુ આ વીડિયોના કારણે રશ્મિ ઘણી દુખી થઈ હતી.

બિગ બૉસ ૧૩માં રશ્મિ અને સિદ્ધાર્થે વીડિયોમાં પોતાની જબરદસ્ત કેમેસ્ટ્રીથી લોકોનું દિલ જીતી લીધું પરંતુ રશ્મિ હવે સિદ્ધાર્થ સાથે લિપ-લૉક સીનને લઈને અફસોસ વ્યક્ત કરતી જોવા મળી હતી. રશ્મિએ પોતાના મિત્ર પારસ સાથે તે વિશે ચર્ચા કરી હતી ત્યારે આ વાત જગ જાહેર થઈ હતી અને ત્યારે પારસે તેને સાંત્વના આપી કે ચિંતાની કોઈ વાત નથી. એ એપિસોડમાં લિપ લૉક વાળા સીનનો વીડિયો બતાવવામાં આવ્યો હતો અને જેમાં સિદ્ધાર્થ અને રશ્મિએ એક ગ્લાસના માધ્યમથી કિસ કરી હતી. રશ્મિએ વિશાલ આદિત્ય સિંહ સાથે આ વિશે ચર્ચા કરી હતી.

આ પછી વિશાલે રશ્મિને એમ પણ કહ્યું હતું કે તું ભૂલ કર્યા બાદ હંમેશા પસ્તાય છે. તેને ઘણો મોડો અહેસાસ થાય છે અને પછી રશ્મિ પણ વિશાલની આ વાત પર સહમત થઈ હતી. તેણે બાદમાં કહ્યું હતું કે આ મારી ભૂલ છે અને તે વિશાલ સાથે વાત કરતાં રડી પડી હતી. પણ એ વીડિયોના કારણે રશ્મિ ઘણી ચર્ચામાં આવી હતી અને ફેમસ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે રશ્મિએ ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં પણ કામ કરેલું છે.

# અર્જુન કપૂર બનશે ૧૦૦ કેન્સર પીડિત યુવકોનો મદદગાર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

બોલિવૂડ અભિનેતા અર્જુન કપૂરે કેન્સરના દર્દીઓની મદદ માટે ઉમદા પગલું ભર્યું છે. આ વર્ષે, વેલેન્ટાઈન ડે પર, તેઓએ તે કરવાનું નક્કી કર્યું છે. અર્જુન તેની માતાની ખૂબ નજીક હતો, જેનું કેન્સરને કારણે મૃત્યુ થયું હતું. હવે તેઓએ તેમની માતાની સ્મૃતિમાં કેન્સરથી પીડાતા ૧૦૦ યુગલોની મદદ કરવાનું નક્કી કર્યું છે. અર્જુન કપૂર તેની માતાના નિધન બાદ કેન્સર સામે લોકોને જાગૃત કરવા સતત કાર્ય કરી રહ્યો છે. તે કેન્સર પેશન્ટ્સ એઈડ એસોસિએશન (સીપીએએ) ના સહયોગથી આ કરી રહ્યું છે.

અર્જુને આ પહેલ કરી અને કહ્યું, ''રોગચાળોએ અમને એકબીજાને મદદ અને પ્રેમ કરવાનું મહત્વ શીખવ્યું છે.'' મારા જીવનસાથીને વિશેષ લાગે તે માટે અમે ફેબ્રુઆરીમાં વેલેન્ટાઈન ડેની આતુરતાથી રાહ જોઉં છું, પરંતુ આ વખતે મેં કંઈક અલગ કરવાનું નક્કી કર્યું છે. 'અર્જુને વધુમાં ખુલાસો કર્યો કે તે કેન્સર પેશન્ટ્સ એઈડ એસોસિએશનની સાથે મળીને ૧૦૦ વંચિત દંપતીઓને તબીબી સારવાર આપી રહ્યો છે, જેમાંથી એક કેન્સર જેવા જોખમી રોગથી પીડિત છે. અર્જુન માને છે કે આ તે યુગલો છે જેમાં એક જીવનસાથી આ જીવલેણ રોગ સામે લડી રહ્યો છે જ્યારે બીજો આ યુદ્ધમાં તેનો ટેકો આપે છે.



પ્રોફેશનલ લાઈફ વિશે વાત કરીએ તો અર્જુન કપૂર છેલ્લે ફિલ્મ પાનીપતમાં જોવા મળ્યો હતો. આ પિરિયડ-ડ્રામા ફિલ્મનું દિગ્દર્શન આશુતોષ ગોવારિકરે કર્યુ હતું. જોકે, આ ફિલ્મને બોક્સ ઓફિસ પર વધારે પ્રતિસાદ મળ્યો નથી. હવે અર્જુન ફિલ્મ 'સંદીપ ઓર પિંકી ફરાર'માં જોવા મળશે. આ ફિલ્મમાં અર્જુનની સાથે પરિણીતી ચોપડા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# ડિવોર્સ બાદ બીજીવાર ૧૫ ફેબ્રુઆરીએ લગ્ન કરશે દિયા મિર્ઝા



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

હાલમાં જ બોલિવૂડ સ્ટાર વરુણ ધવને અલીબાગમાં નતાશા દલાલ સાથે લગ્ન કર્યા હતાં. હવે આ યાદીમાં દિયા મિર્ઝાનું નામ જોડાઈ રહ્યું છે. રિપોર્ટ પ્રમાણે, દિયા મિર્ઝા ૧૫ ફેબ્રુઆરીના રોજ મુંબઈમાં પરિવારની હાજરીમાં બીજીવાર લગ્ન કરવાની છે. વેબ પોર્ટલ સ્પોટબોયના અહેવાલ પ્રમાણે, દિયા મિર્ઝા મુંબઈ સ્થિત બિઝનેસમેન વૈભવ રેખી સાથે લગ્ન કરવાની છે. આ લગ્નમાં પરિવાર તથા નિકટના મિત્રો જ હાજર રહેશે. ગયા વર્ષે દિયા તથા વૈભવ વચ્ચે અફેર હોવાની ચર્ચા થતી હતી. જોકે, વૈભવ કે દિયાએ પોતાના સંબંધો અંગે કોઈ વાત કરી નહોતી. લૉકડાઉન દરમિયાન દિયા તથા વૈભવ વચ્ચે નિકટતા વધી હતી.

ખરી રીતે તો દિયા પ્રેમી વૈભવના પાલી હિલ સ્થિત ઘરમાં લૉકડાઉન દરમિયાન સાથે રહી હતી. વૈભવ મુંબઈમાં બિઝનેસમેન છે અને ઈન્વેસ્ટર છે. વૈભવે આ પહેલાં જાણીતી યોગા ઈન્સ્ટ્રક્ટર સુનૈના રેખી સાથે લગ્ન કર્યાં હતાં. તેમને એક દીકરી પણ છે. દિયાએ ૨૦૧૪માં બિઝનેસમેન સાહિલ સંઘા સાથે લગ્ન કર્યાં હતાં. લગ્ન પહેલાં બંનેએ છ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યાં હતાં. ૨૦૧૯માં દિયા તથા સાહિલે ડિવોર્સ લેવાનું નક્કી કર્યું હતું.

દિયા તથા સાહિલે સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને કહ્યું હતું, '૧૧ વર્ષ સાથે રહ્યા બાદ અમે બંનેએ રાજીખુશીથી અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે અમારા પરિવાર અને મિત્રોનો આભાર માનીએ છીએ કે તેમણે અમને સપોર્ટ કર્યો, અમને સમજ્યાં. ઉપરાંત મીડિયાના સભ્યોનો પણ આભાર કે તેમણે અમને સપોર્ટ કર્યો. અમે તમામ લોકોને વિનંતી કરીએ છીએ કે તમે અમારી ભાવનાને સમજીને આ સમયે અમને એકલા રહેવા દો. અમે આ બાબતે હવે આગળ બીજી કોઈપણ વાત નહીં ઉચ્ચારીએ. આભાર, દિયા મિર્ઝા અને સાહિલ સંઘા.'

# વડોદરામાં સભા સંબોધતા રૂપાણીને અચાનક ચક્કર આવતા ઢળી પડ્યા

### તાત્કાલિક ધોરણે સીએમને હેલીકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં ખસેડાયા

અમદાવાદ,તા.૧૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ પ્રચાર જંગમાં ઉતરેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે વડોદરામાં એક સભા સંબોધી હતી. આ ચૂંટણી સભામાં મુખ્યમંત્રીને ચક્કર આવતા મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી સભા ટૂંકાવી રવાના થયા હતા. જો કે કોઈ અફવા પર ધ્યાન ન આપશો. મુખ્યમંત્રીની તબિયત હવે સારી છે. તેમનું બીપી લૉ થયું હતું. ડોક્ટરે સારવાર આપતા સ્વસ્થ થયા છે. વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બીપી લૉ થઈ ગયું હતું. તેઓ એક પછી



એક ચૂંટણી સભા સંબોધી રહ્યા છે. જેને પગલે થાક અને તણાવના કારણે બીપી લૉ થયાની શક્યતા છે.

ત્યાર બાદ વડોદરા એરપોર્ટથી તેઓ અમદાવાદ આવવા રવાના થયા છે. મુખ્યમંત્રી જાતે ચાલીને ગાડીમાં બેઠા હતા. તેમને હેલિકોપ્ટર દ્વારા અમદાવાદ લાવવામાં આવ્યા હતા.કાફલામાં બે એમ્બ્યુલન્સ રાખવામા આવી હતી. તેમની સાથે ગૃહમંત્રી પ્રદીપસિંહ એરપોર્ટથી યુ.એન મહેતા હોસ્પિટલમાં સાથે જવા રવાના થયા હતા. મુખ્યમંત્રી યુ.એન મહેતા હોસ્પિટલમાં પહોંચ્યા છે. હોસ્પિટલમાં તબીબી તપાસ કરવામાં આવશે. એરપોર્ટથી નીકળ્યા ત્યારે હાથ બતાવી અભિવાદન પણ કર્યું. જ્યાં તેમની તબીબી તપાસ કરવામાં આવશે. હોસ્પિટલમાં ડોકટરોની ટીમને તૈયાર રાખવામાં આવી છે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ પણ હોસ્પિટલમાં હાજર છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી તેમના સ્વાસ્થ્ય અંગે માહિતી મેળવી છે.

# ઈ.વી.એમ.માં ભાજપનું નિશાન મોટું દર્શાવાતા કોંગ્રેસનો વિરોધ

### રાજકોટનાં કોંગ્રેસ અગ્રણી ડો. હેમાંગ વસાવડાએ પંચ સમક્ષ ક્ષતિ દૂર કરવા માંગણી ઉઠાવી : ભાજપે બચાવ કર્યો

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૪

રાજકોટ મહાપાલિકાની ચૂંટણી પ્રક્રિયા પંચ અને અમલદારો દ્વારા દ્વારા હાથ ધરવામાં આવી છે. મતદાનમાં વપરાનારા ઈ.વી.એમ. પર લગાવવામાં આવતા ઉમેદવારના નામ તથા પક્ષ કે અપક્ષનાં નિશાન ઈ.વી.એમ.માં લગાવાય રહ્યા છે ત્યારે ભાજપના નિશાનને અન્ય નિશાન કરતાં મોટું અને ઘટ્ટ દર્શાવાયું છે. જ્યારે અન્ય નિશાન નાના અને ઝાંખા પ્રિન્ટ કરી મશીનમાં લાગાવાયેલ હોવાની રાજકોટ કોંગ્રેસના અગ્રણી ડો. હેમાંગ વસાવડાએ ચૂંટણી અધિકારીને ફરીયાદ કરી આ ક્ષતિ સત્વરે દૂર કરવા માંગ ઉઠાવી છે.

ચૂંટણી અધિકારી દ્વારા આ પ્રિન્ટીંગનું કામકાજ સરકારી પ્રેસમાં થાય છે તેની પાસેથી વિગતો મંગાવાયાનું જણાવી ઉપસ્થિત કરાયેલ પ્રશ્નનો ગોળ ગોળ (સ્પષ્ટ નહીં) જવાબ આપવામાં આવતાં કોંગ્રેસ અગ્રણી વસાવડાએ આ મામલે રાજ્ય ચૂંટણી પંચને પણ પ્રદેશ કક્ષાએથી રાવ કરતા નિર્ણય કરેલ છે. મહાનગરના મતદાનમાં વપરાનારા ઈ.વી.એમ.માં નામ અને નિશાન દર્શાવાતા હોય છે જેમાં નિશાન ચોક્કસ માપમાં દર્શાવવાના હોય છે. બધા પક્ષનાં નિશાન એકસરખા હોવા જોઈએ તેના બદલે ભાજપના નિશાન તરત જ નજરે પડે તેવા જાણી જોઈને દર્શાવાયાનો આક્ષેપ ડો. વસાવડાએ લગાવતાં ભાજપ પ્રવક્તા દ્વારા પંચ તેનું કામ પારદર્શકતાથી નિયમ અનુસાર કરતું હોય તેવો બચાવ કરેલ છે.

# જિલ્લા પંચાયતની બે અને તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પર ભાજપ બિનહરીફ જાહેર

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પગલે રાજકીય રંગ જામ્યો છે. જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યારે ચૂંટણી પહેલા જ ભાજપને મોટી સફળતા સાંપડી છે. કોંગ્રેસના આંતરિક અસંતોષનો લાભ ભાજપને મળી રહ્યો હોય, તેમ જિલ્લા પંચાયતની ૨ અને તાલુકા પંચાયતની ૧૭ બેઠકો પર ભાજપ બિનહરીફ જાહેર થયું છે. જિલ્લા પંચાયતની વાત કરવામાં આવે તો. જૂનાગઢ જિલ્લાની બિલખા પંચાયત અને સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની કોંઢ બેઠક પર ભાજપ બિનહરીફ બન્યું છે. જ્યારે તાલુકા પંચાયત પર નજર નાંખીએ તો, સુરતના ઓલપાડ અને ચોર્યાસી તાલુકા



પંચાયતની ૧-૧ બેઠક પર ભાજપ બિનહરીફ જાહેર થયું છે.

આ સિવાય અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકા પંચાયતની બે બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. આજ રીતે જૂનાગઢ તાલુકા પંચાયતની બીલખા બેઠક પણ ભાવનગરના ઉમરાળા તાલુકા પંચાયતની ૨ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લાના ૪ તાલુકા પંચાયતની ૯ બેઠકો બિનહરીફ ઉપરાંત લીંબડી અને વઢવાણ તાલુકા પંચાયતની એક-એક બેઠક બિનહરીફ જાહેર થઈ છે.

આજ રીતે ધ્રાંગધ્રા તાલુકા પંચાયતની માલવણ અને વાવડી બેઠક પણ બિનહરીફ જાહેર કરવામાં આવી છે. જ્યારે થાનગઢ તાલુકા પંચાયતની જામવાળી, ખાખરાથળ, નળખંભા, સોનગઢ, મોરથળા બેઠક ઉપરાંત કચ્છ જિલ્લાના ભુજ તાલુકા પંચાયતની ૧ બેઠક બિનહરીફ જાહેર થઈ છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે ટ્વીટ કરીને રાજ્યની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાનાં બિનહરીફ ચૂંટાયેલા ૨૬ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે.

# ઝઘડીયાના ગુડેચા-૨ હાઈ-વે પર ગમખ્વાર અકસ્માત : બે યુવાનના ઘટનાસ્થળે મોત



ચક્રવાત ટીમ ઝઘડીયા,તા.૧૪

ઝઘડીયા તાલુકાના રાજપારડીનો આજુબાજુના વિસ્તારમાં બ્લેક ટ્રેપ ખાણો આવેલી છે. જેના લીધે હજારોની સંખ્યામાં આ વિસ્તારોમાં મોટા ટોટીગો જેવા હાઈવા ગાડીઓ બેફામ દોડતા હોય તેના કારણે ઘણાં અકસ્માતોની થયાની ઘટના સામે આવી છે. આવી જ ઘટના ગઈકાલે બપોરનાં આશરે એકાંદ વાગ્યાના અરસામાં ઘટના ઘટી હતી.

રાજપારડી પોલીસ સ્ટેશનેથી મળતી માહિતી અનુસાર ઝઘડીયા તાલુકાના રાજપારડી પાસે નેત્રંગ રોડ પર ગુડેંચા ૨ પાસે યામાહા ની મોટરસાઈકલ નં ય્ન ૧૬ ઝઊ ૮૬૩૬ને લઈ અનિકેત છત્રસિંહ વસાવા રહે.જુનાં આમોદ, તા.ઝઘડીયા તેમજ હર્નિશભાઈ કમલેશભાઈ વસાવા રહે ઝાડેશ્વર દુબઈ ટેકરી ભરૂચ તે જેઓને રાજપારડી થી નેત્રંગ જવાના રોડ ઉપર આવેલા ગુડેચા ૨ બસ સ્ટેન્ડ નજીક આવેલા ટેકરા પાસે હાઈવા ટ્રક નં ય્ન ૧૬ છફ ૦૦૮૩ ના ચાલકે તેના કબ્જાની હાઈવા ટ્રક પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારતા મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત થતા અનિકેત છત્રસિંહ વસાવા તેમજ હર્નિશ કમલેશભાઈ વસાવાને ગંભીર ઈજાઓ થતાં બંન્નેનું ઘટના સ્થળે મરણ થતાં શોકની લાગણી નું મોજુ ફરી વળ્યું હતું.

આ ઘટનાની રાજપારડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.બી જાદવ તેમના સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોચી બંન્ને મરણ જનાર યુવાનો ની બીડીનો કબ્જે લઈ પી એમ માટે મોકલી હાઈવા ટ્રક ચાલક વિરુદ્ધ કાયદેસર ની કાર્યેવાહી હાથધરી હતી.

# ગાંધીધામ બેવડી હત્યામાં માતાનો મૃતદેહ મળ્યો, પુત્રીની શોધખોળ ચાલુ

### ૯ વર્ષથી સમજૂતિ કરાર હેઠળ રહેતા શખ્સે હત્યા કર્યાની પોલીસાં કબૂલાત, પોલીસે ગટરલાઈનોમાં તપાસ ચાલુ

ચક્રવાત ટીમ ગાંધીધામ, તા.૧૪

અહીંની કૈલાશ સોસાયટી, ગળપાદર જેલ પાછળ આવેલ ઝુંપડપટ્ટીમં સમજૂતિ કરાર (લીવ ઈન રિલેશનશીપમાં) રહેતા મુળ રાજસ્થાનના સંજય દર્શનસીંઘ ઓજલાએ તેમની પત્ની તેમજ પુત્રીની ધોકા વડે હત્યા નિપજાવી હોવાની ફરિયાદ ગાંધીધામ બી.ડીવીઝન પોલીસે આરોપી સંજયની ધરપકડ કરી પુછપરછ હાથ ધરતાં હત્યા બાદ બન્ને મૃતદેહને ગટરમં ફેંકી દીધેલ હોવાનું જણાવતા પોલીસે ગાંધીધામ શહેરની ગટરલાઈનમાં મૃતદેહની શોધખોળ હાથ ધરેલ.

સંજય આશરે ૧૦ વર્ષ પહેલા ગાંધીધામ આવેલ અને કડીયાકામ-છુટક મજૂરી કરતો હતો. દરમ્યાન તેમનો પરિચય રજીયા ઉર્ફે સિમરન સાથે થતાં તે બન્ને સમજૂતિ કરાર હેઠળ છેલ્લા દશેક વર્ષથી રહેતા હતા. રજીયાના અગાઉ લગ્ન થયેલ અને ૨ પુત્રીઓ સોનિયા અને સરોજ બે સંતાન હતા.

સમજૂતિ કરારમાં રહેતા સંજય અને રજીયા (સીમરન) વચ્ચે કપડા પહેરવા સહિતની બાબતે અવારનવાર ઉગ્ર બોલાચાલી થતી હતી. દરમ્યાન બે દિવસ પહેલા ઝાડી વિસ્તારમાં કાચબા પકડવા જવાના બહાના હેઠળ સંજય સીમરન તથા તેની પુત્રી સોનીયાને લઈ ગયેલ ત્યાં માતા-પુત્રીની ધોકા વડે હત્યા નિપજાવેલ. બાદમાં બન્નેની લાશને ગટર લાઈનમાં ફેંકી દીધેલ હતી. માતા-બહેન ગુમ થતા સરોજ ઉર્ફે રેશ્માએ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આ પ્રકરણે તપાસ હાથ ધરી આરોપી સંજય દર્શનસીધને ઝડપી લઈ પુછપરછ હાથ ધરતાં તેમણે બન્ને હત્યા કર્યાની કબુલાત કરી મૃતદેહને મુખ્ય ગટર લાઈનમાં વહાવ્યાનું જણાવતાં પોલીસે આરોપીને સાથે રાખી ગાંધીધામ શહેરની કેટલીક મુખ્ય ગટર લાઈનોમાં તપાસ હાથ ધરતાં રજીયા ઉર્ફે સીમરનનો મૃતદેહ મળી આવેલ છે. જ્યારે સોનીયાના મૃતદેહની શોધખોળ ચાલી રહી છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના વિરોધમાં રાજકોટમાં કોંગ્રેસ દ્વારા સાયકલ યાત્રા

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૪

દેશમાં સતત પેટ્રોલ-ડીઝલના ભાવ વધી રહ્યા છે. ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનોખો પ્રચાર જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૭ના કોંગ્રેસના ઉમેદવારો આજે સાઈકલ લઈને પ્રચાર કર્યો હતો. બીજી તરફ વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદાવારો પાર્ટીના ચિન્હન કમળના ફૂલ સાથે પ્રચાર કરવા નીકળ્યાં હતા. કોંગ્રેસના ઉમેદવાર રણજિત મૂંધવા, કેતન જરીયા, અલ્પાબેન રવાણી અને વૈશાલી પડ્યા સાઈકલ પર ચૂંટણી પ્રચારમાં નીકળ્યાં હતા. કોંગ્રેસના ઉમેદવાર રણજીત મૂંધવાએ જણાવ્યું હતું કે, સતત પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી રહ્યા છે ત્યારે લોકોની વચ્ચે મોંઘવારીનો મુદ્દો લઈને જઈ રહ્યા છીએ. રાજકોટમાં ઈ-મેમોથી લોકો ત્રસ્ત થયા છે. ત્યારે બાઈક લઈને નહિં પરંતુ સાઈકલ લઈને પ્રચારમાં જોડાયા છીએ.

પેટ્રોલના ભાવમાં આજે ૨૮ પૈસાનો વધારો થતાં ૮૫.૭૩ અને ડીઝલના ભાવમાં ૩૫ પૈસાનો વધારો થતાં ૮૪.૯૪ રૂપિયા પહોંચ્યો છે. સતત ભાવ વધતા મધ્યમ વર્ગના લોકોનું બજેટ ખોરવાયું છે. ત્યારે આ ચૂંટણીમાં કોંગ્રેસે પ્રચારમાં પણ મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો છે. રાજકોટ મનપાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસાર પૂરજોશમાં કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના ગઢ સમાં રાજકોટના વોર્ડ નંબર ૩માં ભાજપના ઉમેદવારોનો અનોખો પ્રચાર જોવા મળ્યો છે. રાજકોટના વોર્ડ નંબર ૩માં આજે ભાજપના ઉમેદવારો હાથમાં કમળ લઈ અને પ્રચારમાં નીકળ્યા હતા.






# વર્તમાન સપ્તાહે રાજ્યમાં ઠંડી ઘટશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૪

ગુજરાત રાજ્યમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો ઘટી રહ્યો છે. રાજ્યમાં શિયાળાની વિદાયને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. વસંતઋતુનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ધીરે-ધીરે રાજ્યના તાપમાનનો પારો વધતા ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. ટૂંક સમયમાં શિયાળો વિદાય લેશે તેવી શક્યતાઓ સર્જાઈ છે અને ગરમીનું આગમન થઈ જશે તેવી હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગે માહિતી આપી છે કે, આગામી ૨૦મી ફેબ્રુઆરીથી રાજ્યમાં ઠંડી ધીમે-ધીમે ઘટતી જશે અને તાપમાનનો પારો ચઢશે. એ સિવાય વિભાગે આગાહી કરી છે કે ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીએ વાતાવરણમાં પલટો આવી શકે છે.

# મુંદ્રા પોલીસ કસ્ટડીમાં મોત મામલે ચોથો આરોપી પોલીસ સકંજામાં

### ત્રીજા ઝડપાયેલ આરોપીના જામીન અદાલતે નકાર્યા

ચક્રવાત ટીમ ભૂજ, તા.૧૪

આશરે એકાદ માસ પહેલા મુંદ્રા પોલીસ મથકના સ્ટાફનાં કબ્જામાં રહેલા ૩ યુવાનોને બેરહેમીપૂર્વક માર માર્યા બાદ એ પછી બીજા શખ્સનું મોત નિપજતાં ચારણ-ગઢવી સમાજે તિવ્ર આક્રોશ વ્યક્ત કરતાં રેન્જ ડી.આઈ.જી. (બોર્ડર રેન્જ) જે.આર. મોથાલીયાની સીધી દેખરેખ હેઠળ ગુન્હેગારોને સત્વરે ઝડપી પાડવા ભૂજના નાયબ પોલીસ વડા જે.એમ. પંચાલને આ મામલાની તપાસ સોપવામાં આવતા પોલીસ દ્વારા આજે ચોથા આરોપીની અટકાયત ત્રાસવાદ વિરોધી દળ દ્વારા કરવામાં આવેલ જેનો હવાલો ભૂજ પોલીસની ટીમ આજે સંભાળવા પહોંચેલ છે. મુંદ્રા પોલીસ મકમાં ત્રણ શખ્સોને માર મારવામાં આવ્યા બાદ બે શખ્સો મૃત્યુ પામતા આ મામલો ભારે ચર્ચાસ્પદ બનતાં અને ગુન્હામાં પોલીસ અમલદાર અને કર્મચારીઓની સીધી સંડોવણી ખુલતાં રેન્જ ડી.આઈ.જી. દ્વારા ડી.વાય.એસ.પી. ભૂજને સમગ્ર મામલાની તપાસ સોંપવામાં આવતા અગાઉ ૩ આરોપી ઝડપાયેલ જે તમામ હાલ જેલ હવાલે અદાલતના આદેશ બાદ કરાયા છે.

આ મામલામાં નાસતા ફરતા આરોપીઓ પોલીસ તંત્રના કર્મચારીઓ હોવાથી પોલીસ તપાસની પધ્ધતિના સારા જાણકાર હોવાથી પોલીસ ટૂકડીઓને હાથતાળી આપવામાં સતત સફળ રહેતા આ મામલે રાજ્યના ત્રાસવાદ વિરોધી દળની પણ મદદ લેવામાં આવેલ જેમાં એ.ટી.એસ.ની ટીમે ગફૂરજી ઠાકોરને ઝડપી પાડ્યા બાદ કચ્છ જિલ્લાનાં ઉચ્ચ અમલદારોને જાણ કરતા ભૂજથી પોલીસની ટુકડી આરોપીનો કબ્જો સંભાળવા રવાના થઈ ચૂકી છે. આવતીકાલે આ ટુકડી આરોપી સાથે આવી પહોચ્યા બાદ ઉચ્ચ અમલદારો દ્વારા ગફૂરજી ઠાકોરની પુછપરછ બાદ રિમાન્ડની માંગ સાથે અદાલતમાં રજૂ કરવામાં આવશે.









# વિજાપુરમાં કોરોનાની રસી લીધા બાદ કર્મચારીનું મોત

### એક સપ્તાહ પૂર્વે રસી લીધા બાદ મોત થતા તંત્રએ હૃદયરોગથી મૃત્યુનું કારણ આપ્યું

(જી.એન.એસ.)વિજાપુર,તા.૧૪

વિજાપુર મામલતદાર કચેરીમાં પુરવઠા વિભાગના હંગામી કોમ્પ્યુટર ઓપરેટરે કોરોનાની રસી લીધાના બે દિવસ બાદ તબિયત લથડતાં સારવાર દરમિયાન મોત થયું હોવાનો મૃતકના પિતાએ આક્ષેપ કર્યો છે. મહેસાણા સિવિલમાં મૃતકનું પીએમ કરાયું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું કે, તેણે એક સપ્તાહ પહેલાં રસી લીધી હતી અને રસીને કારણે નહીં પરંતુ હૃદયના હુમલામાં મોત થયું છે.

આ બાબતે તેમના પરિવારે મને કોઈ ફરિયાદ કરી નથી. માલોસણ ગામના દશરથભાઈ દરજીએ કરેલા આક્ષેપ મુજબ, તેમના પુત્ર મિલનભાઈ દશરથભાઈ દરજી (૩૭)એ ગત ૬ ફેબ્રુઆરીએ કોરોનાની રસી લીધી હતી અને બે દિવસ બાદ તેને તાવ અને ઉલ્ટીની ફરિયાદ ઉઠી હતી. ત્યાર બાદ તેને છાતી અને બરડામાં દુઃખાવાની ફરિયાદ ઉઠતાં વિજાપુરના સ્થાનિક તબીબ પાસે સારવાર લીધી હતી.

પરંતુ તેમણે હૃદયના સ્પેશિયાલિસ્ટને બતાવવા આપેલી સલાહને પગલે મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં ખસેડયો હતો. અહીં શુક્રવારે રાત્રે ૧૨ વાગ્યે તેનું મોત થયું હતું. દશરથભાઈએ જણાવ્યું કે, રસી લીધા પહેલા તેને કોઈ તકલીફ નોહતી કે કોઈ બીમારી ન હતી. રસીને કારણે જ પુત્રનું મોત થયું છે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)